Price Rs. 2/-

# પાટણ પ્રતિબિંબ

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

વર્ષ ૩ ★ સળંગ અંક ૩૦ ★ માર્ચ, ૨૦૦૯ ★★★ Regd. No.MH/MR/South-135/2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379

### પ્રમુખ સ્થાનેથી.....

સ્નેહી સ્વજનો,
જય જિનેન્દ્ર !

આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળ જ્ઞાન, દર્શન, ચારિત્ર્યના રંગે રંગાયેલી છે. સેવા, સાધના અને સંસ્કૃતિનો સુલભ સમન્વય આપણી નસેનસમાં વહેતો રહ્યો છે. પારદર્શક વહિવટ અને કાર્યપ્રણાલિ કોઈપણ સંસ્થા માટે પ્રાણપ્રશ્ન છે. આપણે સૌ આ પારદર્શિતા માટે ગર્વ અને ગૌરવ લઈ શકીએ એ નિર્વિવાદ છે.

આજના પારિવારિક અને સામાજિક જીવનની તસવીર અને તાસીર કંઈક દ્વિધા ઉત્પન્ન કરનારી છે. સહજીવન છે પણ તેનો આનંદ લુપ્ત થતો જાય છે. પહેલાંના સમયમાં ભોજન પણ સાથે અને ભજન પણ સાથે થતાં એનો એક અનેરો આનંદ હતો. આજે એક છત નીચે રહેતા માનવીઓ અલગ અલગ ઓરડામાં વહેંચાયેલા છે. આજે મન મુકી હસવાની, રડવાની કે દાદ-ફરિયાદ કરવાની મોકળાશ રહી નથી. પોતપોતાનું બધુ જ નોખું. આ નોખાપણાએ અનોખાપણાનો આનંદ છીનવી લીધો છે. અદ્યતન ટેકનોલોજી માનવતાની મહાશત્રુ બની છે. ફાંકડી સગવડો ઉરની શેરીને સાંકડી બનાવે તો તે પ્રગતિ નહીં અધોગતિ છે. આજની જિંદગીમાં વાદવિવાદ વધ્યા છે અને સંવાદ ઘટી રહ્યા છે. અધિકારપ્રિયતા વકરી છે. રસ્તા અનેક છે પરંતુ મંઝીલ નથી. દિશાવિહિન કાફલો છે. કંઈક જોઈએ છે ! 'શું' એ અનુત્તર છે.

સમાજને આજે યુવા અને સમર્પિત કાર્યકરોની જરૂર છે. જે આપણાં સમાજ પાસે છે, પરંતુ તેઓની શકિત બહાર આવી શકી નથી. માઝા મુકતી મોંઘવારી એ જનજીવન દુષ્કર બનાવ્યું છે. વૃધ્ધોની અસલામતી દિનપ્રતિદિન વધતી જાય છે. કુટુંબનું નિર્માણ સ્વયંસ્ફુરિત મર્યાદાઓને કારણે થાય છે. સહુની વાણી, વર્તન અને વ્યવહારમાં સદ્વર્તનની ખુશ્બુથી 'ખાનદાની' પ્રગટે છે. પરિવર્તન ચોકકસપણે આવકાર્ય છે. તેનો સ્વીકાર પ્રસન્નતાપૂર્વક જ થવો જોઈએ. પરિવર્તન માનવતાભક્ષિ બને એ સંસ્કાર અને સંસ્કૃતિનું પતન છે. સુવિધાઓના અભાવ કરતાં સ્નેહના અભાવની સમસ્યા ગંભીરરૂપ ધારણ કરી રહી છે. પુસ્તકીયા શિક્ષણની જીત અને હૃદયની કેળવણીની હાર આજના યુગની દારૂણ કરૂણતા છે. 'જીદ' અને 'જીભ'ની બોલબાલા છે. વૈચારિક દૃષ્ટિએ વિકાસ થવાને બદલે અધ:પતન જ થઈ રહ્યું છે. આંતરિક રીતે અસ્વસ્થ માનવ દ્વેષ, ઈર્ષ્યા, ખટપટ, વહેમ, શંકા વગેરેથી સતત પીડાય છે. મનના આ કૃત્રિમ આવેગો અને ખદબદતી વિકૃતિઓ પર લગામ તાણવાની આવશ્યકતા છે. સમગ્ર સંસ્કૃતિ અને સભ્યતા ગુંગળાય છે. જેને પ્રાણવાયુની જરૂર છે. વિકૃત વ્યવહારનો વલોપાત ચોકકસ વર્ગને વેરણછેરણ કરે છે.

ધર્મ સાથે જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય હોવો જરૂરી છે અને એ જ સમયનો તકાદો છે. સમાજમાં એવો પણ એક વર્ગ છે, જે અભ્યાસ માટેના ખાસ વર્ગોની ફી ભરવા અશકિતમાન છે. ભણતર માટે તેઓને સ્કોલરશીપ ન મળે અને નબળી આર્થિક અવસ્થાને કારણે ભણતર બગડે એ સમાજ માટે શરમજનક પરિસ્થિતિ પેદા કરે છે. સ્વાવલંબન સાથે અત્યંત જરૂરી એવી માળખાકીય સુવિધાઓ તેઓને ઉપલબ્ધ કરાવવી તે આપણી સૌની નૈતિક ફરજ છે. આલંબન હોય ત્યાં અવલંબન હોવાનું જ.

દિનપ્રતિદિન સમાજના પ્રત્યેક વર્ગની જરૂરિયાતો વધતી જ જવાની છે. વધુ પડતો ઘરખર્ચ અને ભણતરનો ભાર જીરવવાની શકિત ક્ષીણ થતી જાય છે. મોંઘવારીના આલમમાં ભીંસાતો મધ્યમ વર્ગ, નથી હાથ ફેલાવી શકતો કે નથી સહન કરી શકતો. આર્થિક સહાયનો સ્ત્રોત તેમના તરફ વાળીએ તો જરૂર તેઓને આ નાગચૂડમાંથી બહાર નીકળવાનો માર્ગ અને મોકળાશ મળે.

આપણી સંસ્થા પાસે આવી સહાય માટેની નિધિ જરૂરિયાત કરતાં ઘણી ઓછી છે, તેથી આપણે તેને પહોંચી શકતા નથી. આજના વિકટ અને વ્યથાપૂર્ણ સમયમાં સંપૂર્ણ સમાજ એક થઈ સહાયનો સ્ત્રોત વરસાવે શું એ ઈચ્છવા યોગ્ય નથી ?

શ્રી પાટણ જૈન મંડળે એક નૂતન અભિગમ અપનાવી "સમાજ

વિકાસ ફંડ"નું અનન્ય અભિયાન છેડયું છે. મારી સાથે સર્વ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ, શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ(ગુંદરવાલા)ના સતત વિચારવિનિમય અને વિમર્શ દ્વારા છેલ્લા લગભગ ૨૦ દિવસમાં રૂપિયા એક કરોડની સખાવતના વચનો સંસ્થાને મળ્યા છે. સમાજના સદૈવ તત્પર સખી દાતાઓ, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને નિ:સ્વાર્થ સેવા કરનાર કાર્યકરોનો સતત સાથ અને સથવારો એ જ આપણી સફળતાની સીડી છે. સમાજ વિકાસ ફંડને મળેલ અનન્ય અને સાર્વત્રિક પ્રતિસાદને સહૃદય બિરદાવું છું. આ તબકકે બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, બાબુસાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ તથા બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટના માનનીય ટ્રસ્ટી બાબુસાહેબ નરેન્દ્રકુમાર વિજયકુમાર પનાલાલનો સંસ્થા તરફની તેમની લાગણી અને ફરજને વાચા આપી અસ્ખલિત દાનગંગાનો પ્રવાહ વહેવડાવવા બદલ ઉંડા આભારની લાગણી વ્યકત કરૂં છું. સમાજ વિકાસ ફંડનું બ્રોસર આપ સૌને મળી ચુકયુ હશે. મારી આપ સૌને નમ્ર વિનંતી છે કે, આપ પણ આપનો ફાળો ત્વરિત નોંધાવશો જેથી આ કાર્યપધ્ધતિને વધુ વેગવાન બનાવી શકાય.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજની જરૂરિયાતમંદ વિધવાઓને જે આર્થિક સહાય આપવામાં આવે છે, તે ઓછી છે. જો આપણે અપાતી સહાયમાં વધારો કરીએ તો તે આવકારદાયક પગલું ગણાશે. કદાચ ઉન્નત મસ્તકે જીવન જીવવાનો તેમને મોકો મળશે.

સમાજ વિકાસ ફંડમાં મળેલ દાનની રકમમાંથી ૧૦ ટકા રકમ જુની ખાધ પુરી કરવામાં, ૪૦ ટકા રકમ કોરપસ ફંડ ખાતે તથા ૫૦ ટકા રકમ ફંડ દ્વારા નિશ્ચિત કાર્યો માટે ચાલુ વર્ષમાં અથવા દાતાની ઈચ્છા મુજબ વાપરવામાં આવશે. જરૂરિયાતમંદ પરિવારજનોએ અમારી નમ્ર વિનંતી છે કે, આપણી જરૂરિયાત માટે ચોકકસ અને ત્વરિત અમારો સંપર્ક સાધશો. દાનવીરોના અમૂલ્ય દાનની સંસ્થાને સુપેરે જાણ છે. સુપાત્રે સમય તથા સંજોગોને આધીન અને જવાબદારી પૂર્વક પરિણામલક્ષી કાર્યોમાં ઉપયોગ કરવામાં આવશે.

સંસ્થાના સખીદાતા શ્રી ગુણવંતલાલ મણીલાલ શાહનું ટુંકી માંદગી બાદ ૮૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું. જેની સખેદ નોંધ લેવા સાથે સંસ્થા પૂજયશ્રીના પરિવારના દુ:ખમાં સહભાગી છે, પરમાત્મા સ્વર્ગસ્થને ચિર: શાંતિ અર્પે એ જ પ્રાર્થના !

તા.૧૫-૨-૨૦૦૯ ના રોજ શ્રી પાટણ જૈન મંડળ આયોજીત શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરીત ૨૨ મો સમુહલગ્ન સમારોહ શ્રીનિકેતન વાટિકા-ગાર્ડન મધ્યે રંગેચંગે પરિપૂર્ણ થયો. મહાનુભાવોના સાથ સહકાર ઉપરાંત સંસ્થાની જીવન મહેક સમિતિના માનદમંત્રીઓ શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ તથા અમિતભાઈ સેવંતીલાલ શાહ ઉપરાંત શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહની સેવાને પણ આ તકે હું બિરદાવું છું.

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી તા.૨૯-૩-૨૦૦૯ ના રોજ નિશ્ચિત થઈ છે. એક આવશ્યક બદલાવને લક્ષમાં રાખી યુવાવર્ગના ચુંટણીમાં સમાવેશને હું આવકારું છું અને તે સૌને અભિનંદન આપુ છું. જુના સભ્યોનો અનુભવ તથા નવા સભ્યોની કાર્ય કરવાની ધગશ અને ખેવના સમાજોત્કર્ષના કાર્યોને અધિક વેગીલો બનાવશે. જાગૃતિના એંધાણ વરતાઈ રહ્યા છે. તે સમાજની ઉન્નતિને અને ઉત્થાનને માટે સમર્પિત થવાના યુવાનોના યત્ન અને પ્રયત્નોને હું સફળતાના શિખરો સર કરવા શુભેચ્છા પાઠવું છું.

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપનાના પાયાના પથ્થર સમા પુરોગામી દાતાઓ તથા કાર્યકરોને હું આદરાંજલિ અર્પણ કરૂં છું, જેના પ્રતાપે આપણી આ સંસ્થા આજે યશસ્વી સદીના આરે આવી ઉભી છે. સંસ્થાના આજીમાજી દાતાઓ ઉપરાંત ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને નિ:સ્વાર્થ કાર્યકરો તેમજ કાર્યાલયના સભ્યોને તેમના સતત સાથસહકાર બદલ હું અભિનંદન આપુ છું અને ઋણસ્વીકારસહ આભારની લાગણી વ્યકત કરૂં છું. આભાર...

નવિનચંદ્ર નેમચંદ શાહ
પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ

## વિકલાંગ યાત્રા-પ્રવાસ

શ્રી પાટણ જૈન મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા સમાજના વિકલાંગ બાળકો માટે સોમવાર, તા.૨-૩-૨૦૦૯ ના દિવસે મહાવીર ધામ ખાતે એક દિવસીય યાત્રા-પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં લગભગ ૭૫ સદસ્યોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ પ્રવાસના સૌજન્ય દાતાનો લાભ શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ જયંતીલાલ શાહ (ઝભલાવાળા)(ખેતરવસી) દ્વારા લેવામાં આવેલ. તેમજ તેમના તરફથી "દિશા"ના બધા જ બાળકોને હોટ ટીફીન તેમજ વોટર બેગ ભેટ આપવામાં આવેલ.

મહાવીર ધામ ખાતે નવકારશી બાદ સ્નાત્ર મહોત્સવનું આયોજન રાખવામાં આવેલ. બપોરના ભોજન બાદ બહુમાન સમારંભનું આયોજન કરવામાં આવેલ. આ અવસરે અત્રે બિરાજમાન પૂ.આચાર્ય શ્રી પધુમનસુરિ મ.સા. દ્વારા માંગલિક સંભળાવવામાં આવેલ. ત્યારબાદ પાટણ ખાતે કાર્યરત દિશા વર્કશોપ અંગેની માહિતી આપવામાં આવેલ. અને છેલ્લે સંધ્યા ભોજન બાદ ખુશનુમા વાતાવરણમાં મુંબઈ તરફ પ્રયાણ કરવામાં આવેલ.

સમિતિના આયોજનમાં સ્વેચ્છાએ આર્થિક સહાય આપનાર સૌજન્ય દાતા પ્રત્યે આભારભાવ વ્યકત કરવામાં આવેલ.

❒ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ

## ભુલ સુધાર

પ્રતિબિંબના ડીસેમ્બર-૦૮ ના અંકમાં કનાસાના પાડાના ઓચ્છવ અંગે પ્રગટ થયેલ વિગત, તે મહોલ્લા દ્વારા પ્રતિબિંબને આપવામાં આવેલ ગેરસમજ ભરી માહિતીને કારણે જ પ્રગટ થઈ હતી.

હકીકતમાં આ મહોત્સવ કોઈ એક શેરીનો ન હતો. પરંતુ કનાસાના પાડાનો સંયુકત મહોત્સવ હતો અને તેમાં મહોલ્લાની બધી જ શેરીઓના પરિવારોના સંયુકત ફાળા દ્વારા આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ❒ સંપાદક સમિતિ

## સંપાદકીય......

સમય સરકતો જાય છે. જુનું જાય અને નવું આવે તે કુદરતનો ક્રમ છે. પાનખર પછી વસંત ઋતુ વૃક્ષોને નવપલ્લવિત બનાવે છે. તે જ પ્રમાણે સંસ્થાઓની કાળક્રમ અનુસારની નવરચના માટે ચુંટણીની પ્રક્રિયા આવશ્યક બને છે. તેમાં પણ સમાજના સહયોગથી ચાલતી સંસ્થાઓમાં આવતું સહજ પરિવર્તન, સમાજ તથા કાર્યકર્તાઓને જાગૃત રાખે છે. વ્યકિતને સમાજે કંઈ આપ્યું છે અથવા ઈશ્વરે વ્યકિતને કોઈ શકિત આપી છે, તેનો સમાજના શ્રેય માટે ઉપયોગ કરવાની સર્વેની ભાવના, આવકારદાયક બને છે તથા તેની ભાવના સમાજને નવી વિચારણા માટેની શકિત આપી સંસ્થાને પણ વહેતા ઝરણા જેવી નિર્મળ રાખે છે.

શ્રી પાટણ જૈન મંડળ પણ આવું એક નિર્મળ જળનું વહેતું ઝરણું છે. આ વહેતા પાણીમાં અનેક પરિવારોના જીવનની પ્રગતિ માટેની પ્યાસ છીપાવવાની શકિત છે. આ સંસ્થા જયારે પોતાની શતાબ્દિની ઉજવણી તરફ ડગલા માંડી રહી છે, ત્યારે સમગ્ર સમાજ તેના પ્રત્યે આશા ભરી મીટ માંડી રહ્યો છે. દાનવીરોની સમાજ માટે દાન આપવાની તત્પરતા સાથે સંસ્થા તથા સમાજને પોતાની યથાશકિત સેવા આપવાનો ઉત્સાહ ધરાવતાને હૃદયપૂર્વક આવકારવા આગેવાનોના મનભર પ્રયત્નો સર્વેને સમાજ માટે કંઈ કરી છુટવાની શકિત આપશે.

સંસ્થાના ગતકાર્યકાળ દરમ્યાન કરવામાં આવેલ અને કાર્યો તથા યોજનાઓની નોંધ લેવી જરૂરી છે. પરંતુ તેનાથી સંતોષ લઈને બેસી રહેવું તે સ્થગિતતાને નોતરે છે. જે મેળવ્યું તેના કરતાં હજુ શું મેળવવાનું બાકી છે, તે દૃષ્ટિપૂર્વકની વિચારણા સમાજ તથા કાર્યકર્તાઓના ઉત્સાહને ગતિ આપશે. વર્ષોથી સંસ્થા સાથે સંકળાયેલા સમર્પિત કાર્યકર્તાઓની શકિતમાં વિશ્વાસ રાખી, સંસ્થાની પ્રગતિની લગામ હવે આવા યુવાન કાર્યકર્તાઓને સોંપવામાં આવે તો યુવાન કાર્યકરોના નવા વિચારો અને અનુભવનો સમન્વય દ્વારા સંસ્થાને સમાજ માટે વધુ કાર્યરત બનાવશે તથા બીજા ઉત્સાહી કાર્યકરોને પણ પોતાની નવી જવાબદારીઓ સ્વીકારવા માટે આગળ આવવાનો ઉત્સાહ જાગશે.

સમાજના સામાન્ય જનોની લાગણી છે કે, પરિવર્તન દ્વારા સંસ્થાને તથા સમાજને વધુ પ્રકાશમાન બનાવવાનો અભિગમ સ્વીકારી આવનાર સમયમાં સંસ્થાના સમાજલક્ષી કાર્યોમાં વધુ મજબુતી પેદા કરવાની તકનો લાભ લેવો.

શ્રી પાટણ જૈન મંડળ સમાજ દ્વારા મળતા દાનની તાકાત ઉપર વિવિધ યોજનાઓ કરે છે, પરંતુ આવક સામેનો ખર્ચ, તોટો કાર્યકરોને જરા હતોત્સાહ કરે તેવો હોય છે. સમાજના આર્થિક સહયોગ વગર સંસ્થાની પ્રગતિ થઈ શકતી નથી. તેથી અવિરત દાન પ્રવાહ સંસ્થા માટે જરૂરી બને છે.

આવી મુંઝવણના એક ઉપાય તરીકે મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ તથા સમાજના યુવાન આગેવાન શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ અને તેમના સાથીદારોએ સંસ્થાના આર્થિક બોજ માટેનો સ્થાયી ઉકેલ લાવવાના વિચાર રૂપે સમાજ વિકાસ ફંડની યોજનાનું વિચાર્યુ અને તે વિચાર તાત્કાલિક અમલમાં મુકી ધગશપૂર્વક લગભગ એક કરોડ રૂપિયા જેવી રકમ દાન સ્વરૂપે મળવાના વચનો મેળવ્યા. સમાજ પણ તેઓની આ સેવાભાવનાની કદર કરી વધુને વધુ સહાયરૂપ બનશે તેવી આશા રાખીએ છીએ.

પાટણનો જૈન સમાજ અન્ય સમાજોની તુલનાએ વધુ શિક્ષિત તથા વધુ સમૃધ્ધ છે. જયારે આ સમૃધ્ધિનો પ્રવાહ સમાજની પ્રવૃત્તિઓની સહાય માટે વહે ત્યારે આ ધનનો યોગ્ય અને કરકસરભર્યો ઉપયોગ થાય તેવી ચોંપ રાખવાની કાર્યકર્તાઓની ફરજ બની જાય છે. સંસ્થાને આપવામાં આવેલું પવિત્ર ધન ફકત આરંભ સમારંભમાં ન વપરાય જાય તથા ખર્ચનું યોગ્ય વળતર ન મળે તેવા વ્યવહારો ચીવટપૂર્વક ટાળવા જોઈએ. આપણામાં દેવદ્રવ્યના ઉપયોગ માટેના જે સ્વીકાર્ય ધોરણો છે તેવા જ ચૂસ્ત ધોરણોનો સ્વીકાર કરી, સમાજમાંથી મળતા દાનનો ઉપયોગ કરવો જોઈએ. સંસ્થાના દ્રવ્યનું સ્વદ્રવ્ય કરતાં પણ વધારે પરિણામલક્ષી આયોજન કરીને ખર્ચ કરવામાં આવે તેવું ખાસ ધ્યાન રાખવાની દરેક કાર્યકર તથા હોદ્દેદારોની પવિત્ર ફરજ છે.

શ્રી પાટણ જૈન મંડળની કારોબારીમાં ચુંટણી દ્વારા તથા દાન દ્વારા પ્રવેશ કરનાર સર્વે નવા કાર્યકરોને આવકાર આપવા સાથે કારોબારીના સભ્યો તથા હોદ્દેદારોનો કાર્યકાળ વિવિધ પ્રગતિ કાર્યો માટે ઉત્સાહભર્યો રહે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

ઉદારદિલ દાતા અને ઉદ્યોગપતિ શ્રી ગુણવંતલાલ મણીલાલ શાહના તા.૨-૩-૨૦૦૯ ના રોજ થયેલ અવસાનની નોંધ લેતા અનહદ દુ:ખ અનુભવીએ છીએ. સંસ્થાના નૂતન વર્ષ સ્નેહ સંમેલન માટે ઉદારતાપૂર્વક સારી એવી રકમનું દાન આપી આ પ્રવૃત્તિના સફળ સચાલન માટે મંડળને સહાયરૂપ થવા પ્રવૃત્તિ નિમિત્તે સંસ્થા ઉપર બોજો ન રહે તેવી ભાવના સાથે તેઓશ્રીએ સદાય પૂરક દાન દ્વારા આ પ્રવૃત્તિને જીવંત રાખવામાં સહાયરૂપ બન્યા હતા.

નાની ઉંમરથી સંઘર્ષ કરી આપબળે આગળ આવવામાં પોતાના વડીલ ભાઈ શ્રી નવનીતભાઈની પડખે રહી, પોતાના વિવિધ કારોબારનું સામ્રાજય સ્થાપિત કર્યુ. છતાં પણ પોતાના સરળ અને નિરાભિમાની સ્વભાવથી સમાજના દરેક વર્ગની વ્યકિતઓ સાથેના આત્મીયતા ભર્યા સંબંધો સાચવી રાખી પોતાની સુવાસ ફેલાવી હતી. ઈશ્વર તેઓશ્રીના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના

❒ **સંપાદક સમિતિ**


### શ્રી પંચાસરા શ્રુત આરાધક મંડળ

**૪/૦. ૨-બી, મેકર એપાર્ટમેન્ટ, ૨૩૨, વાલકેશ્વર રોડ, મુંબઈ-૬**

આ વર્ષે પાટણના કુલ ૧૨૦ ભાઈ-બહેનો તપની આરાધના કરી રહ્યા છે. તેમાં ૯૦ ભાઈ-બહેનો વર્ષી તપ તેમજ ૩૦ ભાઈ-બહેનો માસખમણ, સિધ્ધિ તપ આદિ તપસ્યાની આરાધના કરી રહ્યા છે. તેઓશ્રીનું વિશિષ્ઠ બહુમાન થાય તે માટે આયોજન કરેલ છે.

**૨૧,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન નવનીતલાલ મણીલાલ શાહ**
વાલકેશ્વર - ભાભાનો પાડો

**૨૧,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ**
ચોપાટી - મારફતીયા મહેતાનો પાડો

તપસ્વીઓના બહુમાન માટે જેઓને જોડાવવું હોય કે પ્રભાવના કરવી હોય તેમણે નીચેની વિગતે સંપર્ક સાધવો.

શ્રી ચંપકલાલ કે.શાહ - **૨૩૬૯૧૧૬૩**
શ્રી વનરાજ પી. દલાલ - **૨૩૬૯ ૯૧૧૧**

તા.ક. : **જે તપસ્વીઓએ ફોર્મ ન ભર્યા હોય તેમણે મેળવીને ફોર્મ ભરવા વિનંતી.**

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ-સમારોહ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન, સાંસ્કૃતિક કાર્યક્રમ, શાળાના દાતાશ્રીઓનું સન્માન અને તકતી અનાવરણ વિધિનો દ્વિદિવસીય સમારોહ શનિવાર, તા.૩૧-૧-૨૦૦૯ તેમજ રવિવાર, તા.૦૧-૦૨-૨૦૦૯ ના રોજ શાળાના વિશાળ પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. બન્ને દિવસોએ કાર્યક્રમની શરૂઆત શાળાની બાલિકાઓ દ્વારા સ્વાગત તથા ભકિતગીતથી કરવામાં આવેલ.

શનિવાર, તા.૩૧-૧-૨૦૦૯ ના રોજ મુખ્ય મહેમાન શ્રી શિરીષભાઈ પોપટલાલ ભોગીલાલ તથા પૂ.સાધ્વીજી મહારાજ પ્રિયદર્શનાશ્રીની હાજરીમાં મંચ પર શ્રી જે.કે.શાહ, શ્રી વી.પી.શાહ, શ્રી પ્રવીણભાઈ મફતલાલ શાહ, શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ તથા માનદમંત્રીઓ શ્રી અરવિંદભાઈ તથા શ્રી યશવંતભાઈ, આચાર્ય શ્રી રામીસાહેબ, ડૉ.રાજેન્દ્રભાઈ, શ્રીમતી નીલાબેન લાલચંદ ગાંધી તથા વિગેરેએ સ્થાન ગ્રહણ કરેલ.

બપોરના ૩.૩૦ વાગે શરૂ થયેલો પ્રોગ્રામ સાંજે ૬.૩૦ વાગે પુરો થયો હતો. સમારંભનું સંચાલન શ્રીમતી સુશીલાબેન ભાટીયાએ સફળતાપૂર્વક કર્યુ હતું.

મંચસ્થ મહેમાનોના વકતવ્ય પછી પૂ.સાધ્વીજી મ.સાહેબે દાનનો મહિમા સમજાવીને કહ્યું કે વિદ્યાદાન એ સર્વશ્રેષ્ઠ છે અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું તે કર્તવ્ય પણ છે. આભારવિધિ શ્રી પ્રવિણભાઈ મફતલાલ શાહે કરેલ.

તા.૩૧-૦૧-૨૦૦૯ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે શાળાના પટાંગણમાં ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પ્રથમ માનનીય આમંત્રીત મહેમાનોનું શાળાના બાળકોએ બેન્ડથી અભિવાદન કરેલ અને દાતાશ્રી ભોગીલાલ દોલતચંદ શાહના બાવલાને, તેઓના પરિવારના શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહે ફુલહારથી નમસ્કાર કરી ભાવવિભોર થયા. સદર કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પાટણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.એમ. તરાલ સાહેબ ઉપસ્થિત રહીને પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ. આ ઉપરાંત આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પૂ.પ્રિયદર્શનાશ્રીજી મહારાજ સાહેબ પધાર્યા હતા. તેઓશ્રી આપણી આ શાળાના ભૂતપૂર્વ શિક્ષિકાબહેન રહી ચુકયા હતા. તેમણે પોતાના વકતવ્યમાં દાનની ગરિમા સમજાવી દાનની ઉપયોગીતા અને જરૂરિયાત વિશે માર્મિક રજુઆત કરી વિદ્યાદાન એ સર્વશ્રેષ્ઠ છે અને ભૂતપૂર્વ દરેક વિદ્યાર્થીઓનું તે કર્તવ્ય પણ છે, તેમ કહી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન સમારંભમાં શાળાના મુખ્ય દાતાશ્રીના પૌત્ર શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમણે પોતાના વકતવ્યમાં શાળા માટે હરપળ સાથ-સહકાર આપવાની તત્પરતા દર્શાવી શાળાના વિકાસમાં યથાયોગ્ય પોતાનો ઉદાર ફાળો આપવાની જાહેરાત કરી હતી. શાળાના સ્થાનિક સભ્ય શ્રી ડૉ.આર. આર. શાહ તેમજ શાળાના માનદમંત્રી શ્રી અરવિંદભાઈ જીવાભાઈ શાહ તેમજ શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા. સમારંભનું અતિથિવિશેષનું માનવંતુ પદ સંસ્થાના માનવંતા પ્રમુખ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જે. કે. શાહ સાહેબે સંભાળ્યું હતું. આ પ્રસંગે દરેક ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ પોતાના શૈશવકાળના સંભારણા યાદ કરીને શાળાનું ઋણ અદા કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. શાળાના તાજેતરમાં નિવૃત્ત થયેલા શિક્ષિકા બહેનશ્રી જશોદાબેન આર. પટેલનું પણ આ તબકકે શાલ ઓઢાડીને તેમજ રોકડ પુરસ્કાર આપીને સંસ્થાવતી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમતી નીલાબેન લાલચંદભાઈ ગાંધી - ભૂતપૂર્વ વિદ્યાર્થીની પણ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો અંત વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક પ્રોગ્રામથી થયેલ. જેમાં રાજયકક્ષાએ ઈનામ મેળવેલ રાસ તથા શાંતિનો સંદેશ અને પિરામીડ જેવી અનેક આઈટમો શાળાના બાળકોએ રજુ કરી હતી.

તા.૦૧-૦૨-૨૦૦૯ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ વાગે શાળાના નૂતનીકરણના દાતાશ્રીઓનું સન્માન અને દાતાશ્રીઓની તકતી અનાવરણ કાર્યક્રમ બેન્ડસહ સ્વાગત સાથે મુખ્ય મહેમાન રાજયોગીની બ્રહ્માકુમારી ચંદ્રીકાબેનના વડપણ નીચે યોજવામાં આવેલ.

રવિવાર, તા.૧-૨-૨૦૦૯ ના સવારે ૧૧.૦૦ વાગે બેન્ડ સહ સ્વાગત સાથે આજના મુખ્ય મહેમાન રાજયોગીની બ્રહ્માકુમારી ચંદ્રીકાબેન, શ્રી શિરીષભાઈ, શ્રી નવીનભાઈ તથા બીજા આમંત્રીત મહેમાનોએ મંચ પર સ્થાન ગ્રહણ કરેલ. જેમાં શ્રી જે.કે.શાહ, શ્રી વી.પી.શાહ, શ્રી રજનીભાઈ પટેલ (ધારાસભ્ય), ડૉ.રાજેન્દ્રભાઈ, શ્રી રામીસાહેબ, શ્રી યશવંતભાઈ, શ્રી પ્રવીણભાઈ, શ્રી અમરીશભાઈ શિરીષભાઈ શાહ વિ. હતા.

દાનની કદર રૂપે તમામ દાતાશ્રીઓનું મંડળવતી શાલ ઓઢાડીને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. દાતાશ્રીઓમાં કેટલાક દાતાઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ન હોવા છતાં પણ સંસ્થાની વિકાસયાત્રાથી પ્રભાવિત થઈને પોતાના દાનની સરવાણી સંસ્થા તરફ વહાવડાવેલ છે. સદર સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે વિદ્યાલય દાતા પરિવાર તરફથી તેમના પૌત્ર શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે રાજયોગિની બ્રહ્માકુમારી ચંદ્રીકાબેને વિદ્યાર્થીઓને પ્રસંગોચિત ઉદ્દબોધન કરી જીવન ઘડતરમાં કેળવણી કેવી રીતે ઉપયોગી બને તે અંગે અંગુલિનિર્દેશન કરી પોતાના વિકાસમાં કેમ અગ્રેસર રહેવું તેની વિશિષ્ટ છણાવટ કરી બાળકોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં દાનનો, જ્ઞાનનો મહિમા અને પોતાની શાળા પ્રત્યેની ફરજ માટે સુંદર દાખલાઓ આપીને શાળાની પ્રગતિ ઈચ્છી હતી. વિશેષમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ ચાણસ્માના ધારાસભ્ય શ્રી રજનીભાઈ પટેલ પણ ખાસ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નવીનભાઈ ભોગીલાલ શાહ (યુ.એસ.એ.) પણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને સમારંભને શોભાવ્યો હતો. દરેક દાતાશ્રીઓએ પોતાના

પ્રતિભાવો આપી શાળા વિકાસ માટે યોગ્ય દાન આપવાની અને અપાવવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે સંજોગોવશાત ઉપસ્થિત નહિ રહી શકનાર મંડળના પ્રમુખ શ્રી નવિનચંદ્ર નેમચંદ શાહના શુભાશિષ સંદેશ તથા મંડળના માનદમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહના સંદેશ તથા અન્ય મહાનુભાવોના આવેલ સંદેશાઓનો ખાસ ઉલ્લેખ કરી નોંધ લેવાઈ હતી.

ત્યારબાદ શાળામાં નૂતનીકરણ દ્વારા બનાવેલ કોમ્પ્યુટર લેબોરેટરી, જનરલ લેબોરેટરી, ફીઝીક્સ લેબોરેટરી, રસાયણ લેબોરેટરી, જીવવિજ્ઞાન લેબોરેટરી, લાયબ્રેરી અને પ્યાઉ ઘર (ઠંડા પાણીની સુવિધા)નું દાતાશ્રીઓની તકતીઓનું અનાવરણ ભૂદેવશ્રીના શ્લોકગાન અને આશીર્વાદ સાથે કરવામાં આવ્યું હતું. સમગ્ર સભાનું સંચાલન માનદમંત્રી શ્રી યશવંતભાઈ એચ. ઝવેરીએ સંભાળ્યું હતું. વધુમાં વક્તવ્યમાં તેઓએ જણાવ્યું હતું કે, આ જ્ઞાનગંગા માટે સર્વે દાતાઓએ કેવી રીતે દાનગંગા વહાવી હતી તેની રૂપરેખા આપી હતી અને હવે શાળાના વિકાસ માટેના આગળના કયા પ્રોજેક્ટો છે ? એ વિશે સમજાવ્યું હતું.

**વિદ્યાલય નૂતનીકરણ - વિવિધ પ્રોજેક્ટના દાતાશ્રીઓ :**

**૧. નવી કોમ્પ્યુટર લેબોરેટરી :**
શ્રી ભોગીલાલ છોટાલાલ શાહના સ્મરણાર્થે,
હસ્તે : શ્રી નવીનભાઈ શાહ તથા શ્રીમતી નલિનીબેન શાહ

**૨. કેમીસ્ટ્રી લેબોરેટરી** - સ્વ.શ્રીમતી મંજુલાબેન પ્રવીણ શાહની સ્મૃતિમાં
હસ્તે : શ્રી પરાગ, પારૂલ, નીપા શાહ

**૩. લાયબ્રેરી** - સ્વ.શ્રી અલ્કેશ ભદ્રકુમાર શાહની યાદગીરી
હસ્તે : શ્રી નિલેશ ભદ્રકુમાર શાહ અને
શ્રીમતી સુચેતા નિલશ શાહ

**૪. પ્યાઉ ઘર (વોટર રૂમ) :** વોટર કુલર સાથે
સ્વ.શેઠશ્રી હસમુખલાલ રતીલાલ શાહ
સ્વ.શ્રીમતી જીનબાળાબેન હસમુખલાલ શાહ
હસ્તે : શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ

**૫. ફીઝીક્સ લેબોરેટરી :** સ્વ. શ્રીમતી તારાબેન ભોગીલાલ શાહ
હસ્તે : શ્રીમતી નીલાબેન લાલચંદભાઈ ગાંધી

**૬. બાયોલોજી લેબોરેટરી :**
શ્રીમતી પ્રભાવતીબેન દલપતચંદ શાહ પરિવાર
હસ્તે : સ્વ.શ્રી નવીનચંદ્ર ડી. શાહ અને
શ્રી સેવંતીલાલ ડી. શાહ

**૭. જનરલ લેબોરેટરી :**
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ માટલીવાળા
હસ્તે : શ્રી દાનેશભાઈ અને શ્રીમતી કેતકીબેન

દાતાશ્રીઓનો પરિચય તેમજ તેમનું સન્માન વિવિધ મહાનુભાવો દ્વારા સંપન્ન થયું હતું. સમગ્ર કાર્યક્રમના અંતે દાતાશ્રીઓ, આમંત્રીતો તેમજ સ્ટાફ પરિવાર માટે શાળા-છાત્રાલયમાં સુરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણાં વર્ષો બાદ શાળામાં આવો ભવ્ય કાર્યક્રમ યોજાતાં શાળાની પ્રગતિનો પ્રેરણાદાયક પ્રસંગ રહ્યો.

શાળાના વિવિધલક્ષી નૂતન પ્રોજેક્ટો, શાળાના ગાર્ડન, રંગરોગાન થકી શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયે પોતાના ભૂતકાળની ભવ્યતા લાવવા સંચાલકોએ, આચાર્યશ્રીએ ,દાતાશ્રીઓના આર્થિક દાનપ્રવાહથી પુરૂષાર્થ કર્યો છે, તે ખરેખર પ્રસંશનીય છે.

ઉપરોક્ત બન્ને સમારોહના પ્રારંભમાં મંચ ઉપર બિરાજમાન મહાનુભાવો દ્વારા દીપપ્રાગટય કરી વાતાવરણને દેદિપ્યમાન બનાવવામાં આવેલ તેમજ કાર્યક્રમની અંતમાં આભાર વિધિ સમિતિના સભ્ય શ્રી પ્રવીણચંદ્ર મફતલાલ શાહ દ્વારા કરવામાં આવેલ. આજના સમારંભનું સંચાલન શ્રી અંબાલાલ આર. રાવલે કર્યુ હતું.

આ દરમ્યાન મુંબઈથી ખાસ પધારેલ કોકાના પાડાના શ્રી કીર્તિભાઈ સોમચંદ શાહે(ભૂતપૂર્વવિદ્યાર્થી) રૂા.૧,૨૫,૦૦૦/- વિદ્યાલય નિભાવ ફંડ માટે જાહેર કર્યા. શ્રી દિલીપભાઈ સુરજમલ શાહે રૂા.૨૨,૦૦૦/- જાહેર કર્યા અને અમદાવાદથી ખાસ પધારેલ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થ શ્રી ભૂપેન્દ્રભાઈ સેવંતીલાલ શાહે રૂા.૨૫,૦૦૦/- અને શ્રી ઘનશ્યામભાઈ સુંદરલાલ ઘીવાલા(અમદાવાદ)(ભૂતપૂર્વ વિદ્યાર્થી)એ રૂા.૫,૦૦૧/- નું દાન આપવાનું જાહેર કરીને પોતાની માતૃસંસ્થાનું ૠણ અદા કરવાની તક ઝડપી લીધી હતી.

આ કાર્યક્રમ માટે મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોશી તથા અન્ય સ્ટાફે મુંબઈથી આવીને આયોજનને વધુ સફળતા મળે તે માટે કરેલી મહેનત તથા દેખરેખ બદલ તેઓ પ્રત્યે આભારભાવ વ્યક્ત કરેલ. સાથે સાથે પાટણ સ્થાનિક સભ્ય શ્રી ડૉ.રાજેન્દ્રભાઈ શાહ, મંડળના સ્થાનિક સંચાલક શ્રી ધીરૂભાઈ શાહનો ફાળો પણ નોંધનીય રહ્યો હતો. શાળાના આચાર્ય શ્રી ગણપતભાઈ સોલંકી તથા સુપરવાઈઝર શ્રી મનુભાઈ જોશી તેમજ શાળા પરિવારના સઘળા શિક્ષક ભાઈ-બહેનો અને બિનશૈક્ષણિક કર્મચારીઓની સખત મહેનત અને વિવિધ કમિટીઓ દ્વારા દરેક આયોજન ખુબ જ સુંદર અને શિસ્તબધ્ધ રહ્યા હતા, તે બદલ ખાસ અભિનંદન આપી આદર સાથે આભાર માન્યોહતો. સર્વની ટીમભાવનાએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમગ્ર દ્વિદિવસીય સમારોહમાં શાળા કક્ષાએ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકો દ્વારા વિભિન્ન સમિતિઓનું આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. વિવિધ સમિતિઓ જેવી કે, સ્ટેજ, મંડપ કમિટી, સ્વાગત કમિટી, પાર્કીગ વ્યવસ્થા કમિટી, રસોડા કમિટી દ્વારા સમગ્ર કાર્યક્રમ દીપી ઉઠે તેવું સુચારૂ આયોજન ગોઠવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમના આધારસ્તંભ અને માર્ગદર્શક તરીકે શાળાના આચાર્ય શ્રી ગણપતભાઈ એમ. સોલંકી (રામી) સાહેબે ખુબ જ જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ સમયે મંડળના વિકલાંગ સેન્ટરની મુલાકાત મહેમાનો સાથે ત્યારે જ કરવામાં આવેલ.

બે દિવસ શાળા કેમ્પસમાં ઉલ્લાસ અને ઉમંગનું વાતાવરણ રહ્યું છે, જે સદા યાદગાર બની રહેશે. ❒ **વિદ્યાલય સમિતિ**

## ફાઈનલ ક્રિકેટ મેચ – અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટર્સ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ સમાજના વિવિધ વિસ્તારની જુદી જુદી ટીમો વચ્ચે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં આ વરસે પાટણ ક્રિકેટ કલબ, મરીન ડ્રાઈવ, પ્રાર્થના સમાજ-વાલકેશ્વર ક્રિકેટ ટીમ, ગોરેગામ ક્રિકેટ કલબ તથા બોરીવલી ક્રિકેટ ટીમ-એ, તેમજ બોરીવલી ક્રિકેટ ટીમ-બી મળી કુલ પાંચ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

પ્રથમ રાઉન્ડની મેચો ઓવલ મેદાન ખાતે રમાડવામાં આવેલ તેમજ સેમી ફાઈનલ ક્રોસ મેદાન ખાતે રમાડવામાં આવેલ.

સ્પર્ધાની ફાઈનલ મેચ બુધવાર, તા.૧૧-૨-૨૦૦૯ ના પાટણ ક્રિકેટ કલબ-મરીન ડ્રાઈવ તથા બોરીવલી ક્રિકેટ ટીમ-એ વચ્ચે ડે-નાઈટ સ્વરૂપે મુંબઈ પોલીસ જીમખાના, મરીન ડ્રાઈવ ખાતે યોજાયેલ.

મેચની શરૂઆતમાં પાટણ ક્રિકેટ કલબ, મરીન ડ્રાઈવ દ્વારા ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરવામાં આવેલ. જેમાં ૩૫ ઓવરમાં ૨૪૯ રનનો જુમલો ખડકી દેવામાં આવેલ. જયારે બોરીવલી વતી રમતા ૩૦ ઓવરોમાં ૧૫૦ રન નોંધાવી ઓલ આઉટ થતાં, તેમનો ૯૯ રને પરાજય થવા પામેલ.

આ અવસરે યોજાયેલ પારિતોષિક વિતરણ સમારંભમાં મંડળના સ્પોટર્સ સમિતિના માનદમંત્રી શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ દ્વારા સર્વેને આવકાર આપવામાં આવેલ.

મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સ્પોટર્સ સમિતિના સુંદર આયોજન બદલ ત્રણેય માનદમંત્રીઓને બિરદાવવામાં આવેલ તેમજ વિજેતા ભાઈઓને અભિનંદન આપવામાં આવેલ.

ફાઈનલ મેચના વિજેતાઓને તેમજ પ્રથમ રાઉન્ડથી સેમી ફાઈનલ સુધીના વિજેતાઓને શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ, શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ, શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ, શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી કુમારપાળ ચંપકલાલ શાહ, શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહ તથા માનદમંત્રીઓના વરદહસ્તે પ્રાઈઝનું વિતરણ કરવામાં આવેલ.

ક્રિકેટ ટુર્નામેન્ટના વિશાળ ખર્ચમાં સહાયક થવાની શુભભાવનાથી નીચે મુજબના દાતાઓ દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે, તે બદલ તેઓ પ્રતિ અંતઃકરણપૂર્વક આભારભાવ વ્યકત કરવામાં આવ્યો.

રૂા.૧૫,૦૦૦/- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, રૂા.૧૦,૦૦૦/- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ, રૂા.૧૦,૦૦૦/- એક સદ્દગૃહસ્થ, રૂા.૧૦,૦૦૦/- બોરીવલી યંગ સ્ટર્સ ગ્રુપ, રૂા.૫,૦૦૦/- શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ, રૂા.૫,૦૦૦/- શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહ (સાત મેચના મેન ઓફ ધ મેચ અને ફાઈનલ મેચના ત્રણ વિજેતા ખેલાડીઓને રૂા.૧,૬૦૦/- ના ગીફટ વાઉચર), શ્રી કુમારપાળ ચંપકલાલ શાહ (બન્ને ટીમના ખેલાડીઓને ટી શર્ટ)

આ પ્રસંગે મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના સભાસદો, સ્પોર્ટસ સમિતિના સભ્યો, ફાઈનલ મેચના સહાયક દાતા પરિવારજનો, ટુર્નામેન્ટમાં જોડાયેલ સર્વે ટીમના ખેલાડીઓ સહિત લગભગ ૨૫૦ ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી નવોદિત ક્રિકેટ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા.

ડે નાઈટ મેચના આકર્ષક બેનર માટે મે.નેહજ એન્ટરપ્રાઈઝ તથા ઓવલ મેદાનના બુકીંગમાં સહાયક થનાર શ્રી વિરલ કિરીટભાઈ શાહ પ્રત્યે આદર વ્યકત કરવામાં આવે છે.

કાર્યક્રમના અંતે સ્પોટર્સ સમિતિના માનદમંત્રીઓ શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ તથા શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

આ અવસરે શ્રી પાટણ જૈન મંડળના સર્વ કર્મચારી ગણનો આભાર માનવમાં આવેલ.

ટુર્નામેન્ટના મધ્યમાં સ્વાદિષ્ટ અલ્પાહારનું આયોજન કરવામાં આવેલ. જેનો સર્વે ભાઈ-બહેનોએ સ્વાદ માણ્યો હતો.

❒ **સ્પોર્ટસ સમિતિ**

## સમાજના ૪૫ વર્ષથી વધુ વયના ભાઈઓની ક્રિકેટ મેચ – અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોટર્સ સમિતિ દ્વારા સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના ભાઈઓની એક પ્રદર્શનીય મેચનું ગુરૂવાર, તા.૧૯-૨-૨૦૦૯ ના હિન્દુ જીમખાના ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં મુંબઈના જુદા જુદા વિસ્તારમાં આવેલ સમાજના લગભગ ૩૪ થી વધુ ભાઈઓએ ભાગ લીધેલ. તેમની બે ટીમો બનાવવામાં આવેલ.

સૌ પ્રથમ શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરતા ૪૦ ઓવરમાં ૨૦૩ રનનો જુમલો નોંધાવવામાં આવ્યો. જેમાં શ્રી મયંક બાબુલાલ શાહે ૫૦ રન કરીને નિવૃત્તિ લીધેલ. ત્યારબાદ બીજા ક્રમાંકે શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહની ટીમે બેટીંગ કરતા ૩૭ ઓવરમાં ૯ વિકેટના ભોગે ૨૦૫ રન બનાવી વિજેતા બનેલ.

વિજેતા ટીમ ઉપરાંત મેન ઓફ ધ મેચ શ્રી મયુર અરવિંદભાઈ શાહ, બેસ્ટ બેટસમેન શ્રી મયંક બાબુલાલ શાહ તથા બેસ્ટ બોલર શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહને માનદમંત્રી સ્પોટર્સ સમિતિ શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ, તથા શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહના વરદ હસ્તે રોકડ પ્રાઈઝ આપી અભિવાદન કરવામાં આવેલ.

સદરહુ કાર્યક્રમની જાહેરાતથી મેચની પૂર્ણાહુતિ પર્યંત સક્રિય રસ લેનાર શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ પ્રત્યે આભાર ભાવ વ્યકત કરવામાં આવે છે.

❒ **સ્પોર્ટસ સમિતિ**

# શ્રી પાટણ જૈન મંડળ
## બાવીસમો સમુહલગ્ન સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળાના સંયુકત ઉપક્રમે સંવત ૨૦૬૫ ના મહા વદ ૬, રવિવાર, તા.૧૫-૨-૨૦૦૯ ના સવારના સમયે બાવીસમાં સમુહલગ્ન સમારોહનું પ્રથમ વખત મરીન ડ્રાઈવ ખાતે શ્રીનિકેતન વાટિકા-ગાર્ડન ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં છ યુગલોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ દ્વારા પધારેલ સર્વ ભાઈ-બહેનોને ઉષ્માભર્યો આવકાર આપવામાં આવેલ.

મંડળના ઉપપ્રમુખ શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ, માનવંતા પ્રમુખ શ્રી જે.કે.શાહ તથા ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ દ્વારા પોતાના પ્રાસંગિક પ્રવચનમાં મંડળની પ્રોગ્રામ સમિતિના સભ્યોને આવા સુંદર આયોજન બદલ બિરદાવવામાં આવેલ. ઉપરાંત સમુહલગ્નમાં જોડાયેલ નવદંપતિઓને શુભાશિષ આપવામાં આવેલ.

સમુહલગ્નના મુખ્ય દાતા શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા તથા તેમના પરિવારજનો અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત રહી શકયા ન હતા. પરંતુ તેઓશ્રી દ્વારા સમુહલગ્નની સફળતા ઈચ્છી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સમુહલગ્ન સમારોહમાં જોડાયેલ યુગલોને મંડળના હોદ્દેદારો તથા દાતાઓના વરદહસ્તે નીચે મુજબની ભેટોનું વિતરણ કરવામાં આવેલ.

- **શ્રી પાટણ જૈન મંડળ તરફથી...**
  1. ચાંદીનો સિકકો (૨૦ ગ્રામ) તેમજ કવર (ચાંદલો)
  2. પાનેતર બ્લાઉઝ સાથે
  3. સાડી નંગ-૨, ડ્રેસ-૩, ટુથપેસ્ટ, બ્રશ, પાઉચ, સાબુ ડબ્બી સાથે, હેન્ડ બેગ, ટ્રાવેલીંગ બેગ, અરીસો, કાસકો, ટુવાલ, નેપકીન, કોસ્મેટીક સાથે પાઉચ, ધાર્મિક ઉપકરણનું પાઉચ,
- **એક શુભેચ્છક તરફથી**
  - રૂા.૨૫૦૦/- ના દરેક યુગલને નેશનલ સેવીંગ્સ સર્ટીફીકેટ
- **શ્રીમતી ભારતીબેન ભદ્રકાંતભાઈ પ્રેમચંદ શાહ તરફથી :**
  - સુટકેસ બેગ
- **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ (કલકત્તાવાળા) પરિવાર તરફથી**
  - સ્ટેનલેસ સ્ટીલની પવાલી
- **શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) તરફથી**
  - સ્ટેનલેસ સ્ટીલનો વાસણ સેટ
  ( થાળી-૨, વાટકી-૪, ગ્લાસ-૨, ચમચી-૨, ડીસ-૨)

આ વરસે સમુહલગ્ન સમારોહ મરીન ડ્રાઈવ ખાતે દિવસના સમયે રાખવામાં આવેલ, જેના લીધે થયેલ વિશાળ ખર્ચમાં સંસ્થાને સહાયક થવાની શુભભાવનાથી નીચે મુજબના દાતાઓ તરફથી આર્થિક સહયોગ આપવામાં આવેલ છે, તે બદલ તેઓ સર્વે પ્રતિ આભારભાવ વ્યકત કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૨૫,૦૦૦ | પાટણ કો-ઓપ.બેન્ક લિ. |
| ૧૫,૦૦૦ | શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) |
| ૧૫,૦૦૦ | સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી પ્રમોદભાઈ ભોગીલાલ ઝવેરી |
| ૧૧,૧૧૧ | શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ |
| ૧૧,૦૦૦ | શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ (ગુંદરવાળા) |
| ૧૦,૦૦૦ | શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ |
| ૭,૫૦૦ | શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી જે. કે. શાહ |
| ૫,૦૦૦ | શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ |
| ૫,૦૦૦ | શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ |
| ૫,૦૦૦ | શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી જયોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા |
| ૫,૦૦૦ | શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ |
| ૫,૦૦૦ | એક શુભેચ્છક |
| ૫,૦૦૦ | શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રીમતી મીનાક્ષીબેન કીર્તિલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી અમીતભાઈ ચંદ્રકાંત શાહ |
| ૫,૦૦૦ | શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી અભયભાઈ જયંતિલાલ પટણી |
| ૫,૦૦૦ | શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ |

પ્રોગ્રામ સમિતિના માનદમંત્રીઓ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ દ્વારા આભાર વિધિ તથા શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.

જીવન સૌરભ સમિતિના માનદમંત્રીઓ શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ તથા જીવન સૌરભ સમિતિ અને પ્રોગ્રામ સમિતિના સભ્યો દ્વારા સમુહલગ્નની માયમાટલીની વિધિ, સ્ટેજ, બુફે, કન્યા વિદાય, ખરીદી વિગેરે સઘળી કાર્યવાહીમાં શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ, શ્રી જયોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા, શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ, શ્રી સંજય કીર્તિલાલ

શાહ, શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ, શ્રીમતી મિનાક્ષીબેન કીર્તિલાલ શાહ, શ્રી સેજલ ગુણવંતલાલ શાહ દ્વારા જહેમત લઈ સફળતા અપાવેલ છે, તે બદલ તેઓ સર્વે પ્રતિ આદરભાવ વ્યકત કરવામાં આવે છે.

દર વર્ષની માફક ચાલુ સાલે પણ સમુહલગ્નની આકર્ષક પત્રિકા તથા બેનર બનાવનાર મે. નેહજ એન્ટરપ્રાઈઝ પ્રત્યે આભાર ભાવ વ્યકત કરવામાં આવે છે.

સમુહલગ્નની જાહેરાતથી પૂર્ણતા પર્યંત દરેક કાર્યવાહીમાં સક્રિય રહેનાર સંસ્થાના મેનેજર શ્રી મનુભાઈ જોશી, શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયા, શ્રી હેમંતભાઈ ઉપાધ્યાય તથા અન્ય સર્વ કર્મચારી ભાઈઓની જહેમતને બિરદાવવામાં આવે છે. આ સમુહલગ્ન સમારોહમાં આશરે ૧૮૦૦ વ્યકિતઓએ ઉપસ્થિત રહી અવસરને શોભાયમાન બનાવેલ.

અંતમાં મે.અમૃત કેટરર્સના લિજજતદાર બુફે લંચનો રસાસ્વાદ લઈ સૌ ખુશનુમા વાતાવરણમાં વિખરાયા.

## જીવન સંધ્યાનું મધુર સંભારણું

**❐ શ્રીમતી ઉર્મીલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**

જીવ માત્ર પ્રથમ શ્વાસ લઈને કરે છે, આ લોકમાં પગરણ અને અંતિમ શ્વાસ લઈને કરે છે પરલોક ગમન. આગમ અને પરગમન બે છેડા વચ્ચેનું જીવન એટલે કર્માનુસાર-જીવન. જીવ કર્મોનો ભોકતા છે.

જીવનના ત્રણ તબકકા છે. બાળપણ-યૌવન-વૃધ્ધાવસ્થા. બચપણતો નિખાલસપણે નિર્દોષ ભાવે અને લાડકોડમાં વીતાવીએ છીએ પણ જયારે સોળે કળાએ ખીલેલો ચંદ્રમાં વાદળના સંપર્કમાં ઝંખવાણો પડી જાય છે. પૂર્ણપણે ખીલેલું પુષ્પ પવનના ઝંઝાવાતામાં ભૂમિ પરી પડી જાય છે, ત્યારે તેની સુંદરતા, સુગંધતા અકાળે છીનવાઈ જાય છે અને ત્યારે આપણને અફસોસ થાય છે. ગગનને પ્રકાશતો ચંદ્ર પણ વાદળાના જોરે ઝંખવાણો પડે છે. ખીલેલું પુષ્પ પણ ભગવાનના મસ્તકને બદલે ભૂમિ પર સ્થાન લે છે. કેવી છે કુદરતની લીલાઈ કર્મરાજાનું પણ રાજય આવું છે. ચડતીમાં કયારે પડતી આવી જાય. આવું જ આપણા વડીલ પૂ.કનુભાઈને જીવનમાં સાંગોપાંગ અનુભવ થાય છે. સુખમય જીવન-આકાશમાં ચાંદની ખીલી છે અને ત્યારે અચાનક કર્મરૂપી વાદળું તેના પર છવાઈ જાય છે અને જીવનને અંધકારનો-આઘાતનો અનુભવ કરાવે છે. પોતાના જીવન બાગમાં નિમિત્તરૂપે આવેલા વિનયી, વિવેકી, ગુણવાન, સુગંધી પુષ્પ જ અચાનક ભરયૌવને આખરી વિદાય લે છે ત્યારે પૂ.દાદા, દાદી, મમતાળુ માતાપિતા, સ્નેહીજનોને આ વિદાય કેવી વસમી લાગી હશે ? તે લખવા શબ્દો પણ પાછા પડે છે. બધા પાસે માનવીનું ચાળે પણ, કાળ, કર્મ અને કુદરત પાસે તો કોઈનું જ ન ચાલે. લાચાર જ બનવું પડે. મૃત્યુનો કદી પડકાર ન જ હોય. ભગવાનને ગમ્યુ તે સાચુ તેમ તેનો સ્વીકાર જ કરવો પડે.

સ્વ.નિમિત્તભાઈના નિમિત્તે, શ્રેયાર્થે તેઓશ્રીના પુણ્યાનુબંધી પુણ્યના જોરે તેઓશ્રીના વડીલો તેમજ પરિવારને સુકૃત્ય કરી તેના આત્માને શાશ્વસુખનો ભોકતા બનાવવા મનોરથ થયા અને આપણાં પાટણના વડીલોને મોહન ખેડા અને ભોપાવર તીર્થની યાત્રા કરાવી તેમના જીવનબાગમાં અકાળે મઘમઘતું પુષ્પ ખરી પડતા તેની સુગંધ જીવન સ્મૃતિ જીવંત રહે તે માટે આપણને બધાને યાદગાર યાત્રા કરાવી પુણ્યાનુબંધી પુણ્યના ભાગીદાર બનાવ્યા. આપણે સૌ તેઓશ્રીના ઋણનો ભાર કયારે ચુકવીશું ?

ખરે, મધ્યપ્રદેશમાં આવેલું આ મોહનખેડા તીર્થ અદ્દભુત, અલૌકિક જ છે. હસતો પ્રભુનો ચહેરો નજર સામેથી ખસતો નથી. કરૂણાસાગરની ભકિત કરતા સૌ વૃધ્ધજનોના દિલડા હરખે ચઢે છે. વૃધ્ધાવસ્થાનો થાક પ્રભુભકિતમાં વીસરાઈ જાય છે અને યૌવન જેવી આધ્યાત્મિક તાજગી અનુભવે છે. મધ્યપ્રદેશનું સિધ્ધાચલ સ્વરૂપ આ તીર્થ એટલે મોહનખેડા. ફરતીમાં પ્રતિમાજીનો ભંડાર તેમજ રાયણ પગલા છે. જીવન ખેતરમાં-ક્ષેત્રમાં રાગ, દ્વેષ, કષાયોરૂપી મોહને ખેડીને-દૂર કરીને જીવનમાં સદ્દગુણોના અંકુશને વિકસ્વર બનાવીએ એ જ યાત્રાની સફળતા છે. આ તીર્થમાં પૂ.આ. રાજેન્દ્રસુરિશ્વરજીનું સમાધિ મંદિર પણ દર્શનીય છે.

ભોપાવર તીર્થ એટલે ભો-ભૂમિ પરથી ઉપર દૃષ્ટિ લઈ જાય તેવા વિરાટ કાઉસ્સગીયા પ્રભુ શ્રી શાંતિનાથ ભગવાન, ચક્રવર્તી અને તીર્થંકર પદવી પામેલા એવા આ પ્રભુજી અતિ-અતિ પ્રાચીન છે. આ પ્રતિમા ખુબ જ ચમત્કારીક, અદ્ભુત અને તેજસ્વી છે. ચરણે સ્પર્શ કરી ઉપર દૃષ્ટિ કરીએ તો આપણે વિરાટ પ્રભુ પાસે વામન અને વામણા જ લાગીએ છીએ. કાચનું મંદિર આરીસા ભવન જેવી શોભા આપે છે. હાલતો પ્રાચીન હોવાથી કાળક્રમે જીર્ણ થઈ ગયું છે. જંગલમાં મંગલ જેવા આ તીર્થની યાત્રા કરતા હૈયું આનંદિત બને છે.

યાત્રા-પ્રવાસ દરમ્યાન તીર્થની સ્પર્શના કરતા કરતા હૈયું પુલકિત બને છે અને મનોમન પાર્થે છે કે ભવોભવ તારી જ ભકિત આપજે. પણ જયારે ઘર તરફ પગરણ થાય છે ત્યારે હૈયું ગમગીન બને છે કે પાછા મોહમાયામાં ડૂબેલા અમે કયારે તારા દર્શને આવીશું ? આ કાયા પણ જીર્ણ થઈ ગઈ છે. જ્ઞાન, ધ્યાન, તપ, સંયમ વગેરે સદ્દગુણોરૂપી શિલાઓથી અમારી જીર્ણ-કાયા-મંદિરને મજબૂત બનાવે અને ગમે તેવા દુ:ખોરૂપી ધરતીકંપ-વાવાઝોડા સામે અડીખમ રહી સહનશીલ, સમતાશીલ બનાવે તેવી જ અભ્યર્થના. અલ્પભવી બનાવે તેવી મનોકામના.

● ● ●

**નિમિત્ત** – અપરિણીત યુવક-યુવતિ પરિચય બુક
પાનું – ૧૦૯ – સિરીયલ નં. ૨૪૫

**Digisha Vidyutbhai Devendrabhai Shah**

Date of Birth : 29th Dec. 1984 ● Height : 5'9"

**:: Qualification ::**

1. B.B.A. in Finance and Business Management, U.S.A.
2. P.G.D. in Real Estate Finance and Investment, U.S.A.

Email : starynite29@gmail.com

# તપ ધર્મનો મહિમા

☯ શ્રીમતી નિકીતાબેન તુષારભાઈ શાહ

"ઈચ્છા રોધે સંવરી, પરિણતી સમતા યોગે રે
તપ તે એહિજ આત્મા, વર્તે નિજ ગુણ ભોગે રે."

અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતની અને સદ્દગુરૂની કૃપાથી આપણે આ ભવમાં જૈન શાસન પામ્યા. દેવ ગુરૂની કૃપાથી આપણે સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ત્રિવેણી સંગમને પામ્યા. તો સમ્યક્ તપનું પણ શાસનમાં અનેરૂ મહત્વ છે. તપ એટલે ઈચ્છાનો રોધ અને યોગનો નિરોધ. તપ એટલે આહારનો ત્યાગ, વિષય અને કષાયનો ત્યાગ. બીજાને દોષ આપ્યા વગર પ્રસન્નતાપુર્વક કર્મને સહન કરવા એ પણ તપ છે. કર્મને તપાવે છે તે તપ કહેવાય. તપથી આહાર સંજ્ઞા ઉપર કાબુ પ્રાપ્ત કરી અણાહારી પદની પ્રાપ્તિ કરવાની છે. તપથી રાગદ્વેષ, વિષય અને કષાય તથા પાંચે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવાય છે. શ્રી આદેશ્વર ભગવાન અને શ્રી મહાવીર સ્વામી ભગવાને પોતાના સાધના કાળમાં ઘોર તપસ્યા કરી કર્મ ખપાવ્યા. શ્રી મહાવીર સ્વામી ભગવાને પૂર્વના ત્રીજા ભવમાં નંદન ઋષિના ભવમાં અગિયાર લાખ, એંશી હજાર છસો પીસ્તાલીસ માસક્ષમણ કરી વીસ સ્થાનક તપથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. દરેક તીર્થંકર પરમાત્મા પૂર્વના ત્રીજા ભવમાં વીસ સ્થાનક તપ કરી તીર્થંકર નામકર્મ નિકાચીત કરે છે. શ્રી ગૌતમ સ્વામીએ તપથી અઠ્ઠાવીસ લબ્ધિ પ્રાપ્ત કરી હતી. મહાવીર પરમાત્માએ પોતાના ચૌદ હજાર સાધુમાંથી ધન્ના અણગારાને તપના કારણે શ્રેષ્ઠ અણગાર કહ્યા હતા. ભરત રાજાની બેન સુંદરીએ સાઈઠ હજાર વર્ષ સુધી આયંબિલનું તપ કર્યુ હતું. શ્રીપાળકુંવર અને મયણાસુંદરીએ આયંબિલ તપની ઉત્તમ આરાધના કરી હતી. દ્વારિકા નગરીને બળતી બચાવવા લોકોએ આયંબિલનો તપ કર્યો હતો. ચંપા શ્રાવિકાના છ મહિનાના ઉપવાસથી અકબર રાજા જગદ્દગુરૂ શ્રી હીરસુરિશ્વરજી મહારાજ સાહેબના પરિચયમાં આવ્યા અને આ સાધુ ભગવંતના કહેવાથી ક્રુર મોગલ રાજા અકબરે છ મહિના સુધી રાજયમાં 'અમારિ'નું પ્રવર્તન કરાવ્યું હતું. હરિકેશી મુનિ ચંડાળ કુળમાં જન્મ્યા હતા છતાં દિક્ષા લઈ તપ કરી કેવળજ્ઞાન પામ્યા હતા. આમ ચીકણા કર્મ-નિકાચિત કર્મ તોડવા સાત્વિક તપ કરવાનું પ્રભુએ કહ્યું છે. પ્રભુએ દાન, શીલ, તપ અને ભાવ આ ચાર ભેદે ધર્મ બતાવ્યો અને અહિંસા, સંયમ અને તપમાં પણ ધર્મ છે એમ કહ્યું છે. 'તપ સા નિર્જરા' આ ઉકિત યથાર્થ છે. ચારિત્ર આવતા કર્મને રોકે છે. આત્માની અંદર રહેલો કચરો સાફ કરવા તપ એ ઉત્તમ સાધન છે. ૬ બાહ્ય તપ અને ૬ અભ્યંતર તપ છે. બાહ્ય તપથી અભ્યંતર તપને સાધ્ય કરવાનું છે. કર્મની નિર્જરા અને મોક્ષના લક્ષ્યપૂર્વકનો તપ સમાધિ, સદ્દગતિ અને સિધ્ધિ આપે છે. સોનું અગ્નિમાં તપાવવાથી શુધ્ધ બને છે તેમ આત્મા તપ કરવાથી શુધ્ધ બને છે. સંયમ જીવનમાં ૨૨ પરિષહને સહતા તપ એ તો કર્મની વિપુલ પ્રમાણમાં નિર્જરા છે. આહારનું અનશન એવા તપથી આઠ કર્મોને તોડી, જન્મમરણના ફેરા ટાળે છે અને જીવને કર્મના બંધનમાંથી મુકત કરી, મુકિતનગર એટલે કે, સિધ્ધશીલા ઉપર સ્થાન અપાવે છે. દરેક તીર્થંકર પરમાત્માને દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ વખતે તપ હોય જ છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એટલે કે ચાર ઘાતીકર્મોનો ક્ષય કર્યા પછી પણ પ્રભુ નિર્વાણ વખતે તપ કરે છે એ તપનું જ મહત્વ બતાવે છે. તપ એટલે આસકિત ન રાખવી તે. વીર પ્રભુએ પ્રથમ ખીરનું પારણું કર્યુ ત્યારે પણ આસકિત નહોતી અને પાંચ માસને પચ્ચીસ દિવસના અંતે ચંદનબાળાના હાથે અડદના બાકુળાથી પારણું કર્યુ ત્યારે પણ આસકિત નહોતી. તપ પણ સમતાપૂર્વક અને ભાવપૂર્વક કરવાનું છે. તપ કર્મને બાળવાનું અમોઘ શસ્ત્ર છે. દેવો વિરતીમાં રહી શકતા નથી તેથી દેવલોકમાં રહ્યા છતાં પણ વિરતીવંતને પ્રણામ કરી પછી ઈન્દ્રની સભામાં જાય છે. આમ તપથી કર્મનું બીજ બાળી, વીતરાગ બની, કેવળજ્ઞાન પામી, આત્માના મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરવાનું છે. નવકારશી અને ચોવિહાર તથા મુઠ્ઠસિના-જેવા નાના પચ્ચકખાણ કરીને પણ પ્રભુના તપના ગુણને આત્મસાત કરીએ અને પરંપરાએ મોક્ષ સુખની પ્રાપ્તિ કરીએ એજ અભ્યર્થના.

તપ ધર્મને આપણાં કોટિ કોટિ વંદન
ત્યાગ ધર્મને આપણાં કોટિ કોટિ વંદન

## સંસ્થા સમાચાર

❐ **સૌરભ લેડીઝ કલબ**, વિલેપાર્લે દ્વારા, જાન્યુઆરી મહિનામાં પહેલો પ્રોગ્રામ હોટલ એરલિન્ક (પાર્લા-ઈસ્ટ) ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં (યોગાચાર્ય) ડૉ.અશોકભાઈ ઠક્કરે ઘુંટણના તથા એડીના દુ:ખાવા અને સાંધાના દુ:ખાવા વિશે ઘણી જ ઉપયોગી માહિતી આપી સારું માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ એલોપેથી દવાથી દુર રહેવા જણાવ્યું હતું. લંચ સાથેના આ પ્રોગ્રામમાં વધુ સંખ્યામાં બહેનો હાજર રહી હતી.

આગામી કાર્યક્રમ સાપુતારા ખાતેનો ત્રણ દિવસનો પ્રવાસ યોજવામાં આવ્યો છે. સૌરભ લેડીઝ કલબે ૨૭ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. નવા મેમ્બરો આવકાર્ય છે. વાર્ષિક લવાજમ રૂા.૩૫૦/- રાખવામાં આવેલ છે.

❐ જૈન પરંપરાના ૨૪ તીર્થંકર નિર્વાણ કલ્યાણકમાં અષ્ટાપદ એક એવું તીથૃ છે, જે આજે હિમાલયની ગોદમાં, કયાંક અદ્રશ્ય છે. આ સ્થળ ઉપર તીર્થંકર ૠષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી રાજાએ એક રત્નમહેલની સ્થાપના કરેલ. જેમાં અદ્દભુત, અલભ્ય અને કિંમતી રત્ન પથ્થરોની જિન પ્રતિમાઓ મુકવામાં આવેલ છે. આ તીર્થ ઉપર અષ્ટાપદ રીસર્ચ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સંશોધન કાર્ય ચાલુ છે. આ વિષય ઉપર જીતોએ અત્યંત રસપ્રદ માહિતીસભર એક સેમીનારનું આયોજન રવિવાર, તા.૨૬ એપ્રિલના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭ ખાતે યોજવામાં આવેલ છે. સેમીનારમાં આંતરરાષ્ટ્રીય ઈતિહાસકારો, વૈજ્ઞાનિકો, પુરાતત્ત્વ શાસ્ત્રીઓ, ભૂસ્તર શાસ્ત્રીઓ, સેટેલાઈટ અભ્યાસુઓ વગેરે પોતાના સંશોધન ઉપર મંતવ્ય રજુ કરશે. જેમાં જીતોના પ્રેરક પરમ પૂજય ગણિવર્ય નયપ્રભસાગર મહારાજ સાહેબ આશીર્વચન આપશે.

❐ **જૈન સાહિત્યમાં નારીનું પ્રદાન** - એ વિષય પર માનનીય વિદુષી ડૉ.કલાબેન શાહના માર્ગદર્શનમાં મુંબઈ યુનિવર્સિટીમાંથી શ્રી હંસાબેન ઉમરશી ગાલા પીએચ.ડી. ની પદવી માટે સંશોધન કાર્ય કરી રહેલ છે. જૈન તત્વજ્ઞાન અને સાહિત્યના ક્ષેત્રમાં જે કોઈપણ સંપ્રદાયમાં સાધ્વી, ભગવંતો તથા જૈન-જૈનેતર સન્નારીઓએ કરેલ રચનાઓ અથવા પ્રકાશનો - ૬૦૧, આવિષ્કાર ઈમ્પ્રેસ, ચિતલે પથ, પોર્ટુગીઝ ચર્ચની પાછળ, દાદર-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૮ ખાતે મોકલવા નમ્ર વિનંતી છે.

❐ **કનાસા ચેરીટેબલ ટ્રસ્ટ**ના ઉપક્રમે પાટણ શહેરના જૈન સીનીયર સીટીઝનો માટે કનાસા જીવન વિશ્વાસના પ્રેરણારૂપ કાર્યક્રમનું કનાસાના પાડામાં તા.૨૮-૨-૨૦૦૯ ના સાંજે ગુજરાતી ગીતો, કવિતા અને લોકગીતના કાર્યક્રમનું સુંદર આયોજન કરાયુ હતું. જેમાં ૩૦૦ જેટલા ભાઈ-બહેનોએ ભાગ લીધેલ.

આ પ્રસંગે કનાસાના પાડામાં બિરાજતા શાંતીનાથ દાદાના જિનાલયની ૧૧૩ મી સાલગીરીની ઉજવણી નિમિત્તે દેરાસરમાં હર્ષોલ્લાસપૂર્વક ભાવના તેમજ આરતી-મંગળદીવો ઉપરાંત વર્ષોથી પ્રચલિત ગુલાલની ઓછાર કરાઈ હતી.

આ પ્રસંગે કાર્યક્રમના સૌજન્યદાતા માતુશ્રી શારદાબેન કીર્તિલાલ પ્રેમચંદ શાહ પરિવારના શ્રીકાંતભાઈ અને દિપકભાઈ તેમજ તેમના ધર્મપત્નીનું બહુમાન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન કનાસા ચેરીટેબલ ટ્રસ્ટના પાટણના ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પી. શાહે કર્યુ હતું.

❐ **મારફતીયા મહેતાનો પાડો**-ગોળશેરીમાં પૂ.મુનીવર દિવ્યકીર્તિવિજ સાહેબ, પૂ.શ્રી પુણ્યકીર્તિ વિ.સાહેબ તથા પૂ.શ્રી નમ્રકીર્તિ સાહેબની નિશ્રામાં તા.૧૦-૩-૦૯ થી તા.૧૫-૩-૦૯ દરમ્યાન પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસરમાં શ્રી ગૌતમ સ્વામી ભગવાન તેમજ શ્રી પુંડરીક સ્વામી ભગવાનની ભવ્ય પ્રતિષ્ઠા તેમજ પ્રથમ વખત જ દેરાસરમાં મુળનાયક ભગવાન શ્રીમુનિ સુવરતસ્વામી તથા આદેશ્વર અને શિતલનાથ દાદાની નૂતન ધજા ફરકાવવામાં આવેલ. મહોત્સવ દરમ્યાન સિધ્ધચક્ર પુજન, લઘુશાંતિ સ્નાત્ર તથા અન્ય પુજનો તેમજ નિત્ય ભાવના રાખવામાં આવેલ. જેનો લગભગ ૪૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધેલ.


**SPECIAL OFFER For ALL PATANIES**

AVAIL 15 % DISCOUNTS ON FOOD

AND BEVERAGES FROM MONDAY TO FRIDAY
SPECIALISTS FOR JAIN FOODS.
WE ALSO UNDERTAKE PARTY ORDERS AND OUTDOOR CATERINGS,
BANQUETS HALL AVAILABLE FOR 30 TO 35 PERSONS. OFFER VALID TILL 31ST MAY 2009

S & F

**SPICES & FLAVOURS**
[ PURE VEG RESTAURANT ]

**1. Girgaon Chowpatty Band Stand, Loyalka Marg, Next to Babulnath Petrol Pump, Mumbai-400006**
**Tele. : 9122 2363 9696 • 9122 23630939**
**2. Ground Floor, Sunville Banquet Hall, Dr. Annie Besant Road, Worli, Mumbai-400018**
**Tele. : 9122 65535235 • 9122 66542733 • Email : spicesflavours@hotmail.com**
✦ **To Avail the Benefit please carry this cutting alongwith you.** ✦ **Conditions Apply.**

## શ્રી પાટણ જૈન મંડળ
## વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચુંટણી

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિની આગામી ત્રણ વર્ષ સને ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ તથા સને ૨૦૧૧-૧૨ માટેની ૨૫ (પચીસ) સભાસદોની ચુંટણી માટેની મતદાન વ્યવસ્થા, સમય, સ્થળ અને દિવસ નીચે જણાવ્યા મુજબ રાખવામાં આવ્યા છે.

મંડળના દફતરે નોંધાયેલા સરનામા પ્રમાણે નીચે મુજબના નકકી કરેલા મતદાન કેન્દ્ર ઉપર માન્ય મતદાર સભાસદોએ રૂબરૂમાં આવીને મતદાન કરવાનું રહેશે.

સૌ મતદાર સભાસદો પોતાનું મતદાન થાય તે માટે સજાગ રહીને મતદાન કરવાનું અચૂક રાખશો અને અન્ય મતદારોને અચુક મતદાન કરવા સુચવીને સંસ્થાના અને સમાજના કાર્યોમાં મહત્વનું યોગદાન કરશો, એવી અપેક્ષા રાખવામાં આવે છે.

- મતાધિકાર ધરાવતા કુલ માન્ય સભાસદ સંખ્યા - **૨૫૧૫**
- મતદાન દિવસ : રવિવાર, તા.૨૯-૩-૨૦૦૯
- સમય : સવારના ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦
- **મતદાન કેન્દ્રો :**

**૧. મરીન ડ્રાઈવ મતદાન કેન્દ્ર** : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦

નીચેના પોસ્ટ ઓફીસના પીનકોડ ધરાવતા સભાસદોએ મરીન ડ્રાઈવ ખાતેના કેન્દ્ર ઉપર મતદાન કરવાનું રહેશે.

**બુથ-એ** : ૪૦૦૦૦૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૩, ૧૪, ૧૮, અને ૧૯ - **કુલ ૬૮૮ સભાસદ**

**બુથ-બી** : ૪૦૦૦૨૦, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૭૭, ૭૮, ૮૦, ૮૬, કલ્યાણ અને થાણા - **કુલ ૬૨૯ સભાસદ**

**૨. વિલેપાર્લે મતદાન કેન્દ્ર** : શુભમ હોલ-બેઝમેન્ટ, લેન્ડ માર્ક, પ્લોટ નં.૫, બેસન્ટ રોડ અને વી.પી.રોડના જંકશન પાસે, વિલેપાર્લે રેલ્વે સ્ટેશનની સામે, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૬

નીચેના પોસ્ટ ઓફીસના પીનકોડ ધરાવતા સભાસદોએ વિલેપાર્લે ખાતેના કેન્દ્ર ઉપર મતદાન કરવાનું રહેશે.

પીનકોડ : ૪૦૦૦૪૯, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૯, ૯૩ અને ૯૯ - **કુલ સભાસદ ૪૦૪**

**૩. ગોરેગામ મતદાન કેન્દ્ર** : શ્રી પાટણ જૈન મંડળ શાખા કાર્યાલય, ગ્રાઉન્ડ ફ્લોર, રૂપમ બિલ્ડીંગ, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૨.

નીચેના પોસ્ટ ઓફીસના પીનકોડ ધરાવતા સભાસદોએ ગોરેગામ ખાતેના કેન્દ્ર ઉપર મતદાન કરવાનું રહેશે.

પીનકોડ - ૪૦૦૦૬૨, ૬૩, ૬૪, ૬૭, ૯૭, ૧૦૧, ૧૦૨ અને ૧૦૪ - **કુલ સભાસદ ૩૩૬**

૪. બોરીવલી (રતનનગર) મતદાન કેન્દ્ર : શ્રી પાટણ જૈન મંડળ હોલ, એ-૨૩, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી-પૂર્વ, મુંબઈ-૪૦૦૦૬૮

નીચેના પોસ્ટ ઓફીસના પીનકોડ ધરાવતા સભાસદોએ બોરીવલી(રતનનગર) ખાતેના કેન્દ્ર ઉપર મતદાન કરવાનું રહેશે.

પીનકોડ - ૪૦૦૦૬૬, ૬૮, ૯૧, ૯૨, ૧૦૩, મીરા રોડ, ભાયંદર, વસઈ, નાલાસોપારા, વિરાર - **કુલ સભાસદ ૨૩૦**

મુંબઈ મહાનગરપાલિકા, થાણા જિલ્લાની હદ બહારના મતદાર સભાસદો - **કુલ ૨૨૮**

પોસ્ટ દ્વારા : મુંબઈના ચાર મતદાન કેન્દ્રો સિવાયના સભાસદોને મતપત્રકો પોસ્ટ દ્વારા મોકલવામાં આવેલ છે. **સદરહુ મતપત્રકો રવિવાર, તા.૨૯-૩-૨૦૦૯ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધીમાં મંડળની મુખ્ય ઓફીસમાં મળે તે મુજબ મોકલાવી આપવાના રહેશે.**

મતાધિકાર ધરાવતા માન્ય સભાસદોને, ચુંટણી તથા ઉમેદવારોની જરૂરી વિગતો પોસ્ટ તથા કુરીયર દ્વારા મોકલવામાં આવેલ છે.

**ચુંટણીની મતદાન વ્યવસ્થા મુજબ રૂબરૂ મતદાન કરવા સમયે સભાસદોને મોકલાવેલ ઓળખકાર્ડ સાથે રાખવું જરૂરી છે.**

❒ **શ્રી પાટણ જૈન મંડળ**

---

## પાટણ જૈન મંડળના સભાસદ થવા અંગે...

શ્રી પાટણ જૈન મંડળની સામાન્ય સમિતિની એક સભા ગુરુવાર, તા.૫-૩-૨૦૦૯ ના મળેલ. જેમાં બંધારણીય સુધારા સર્વાનુમતે મંજુર થતાં, હવેથી સામાન્ય સભાસદ અને આજીવન સભાસદ એમ બે પ્રકારના જ સંસ્થાના નવા સભાસદ બનાવવામાં આવશે. પેટ્રન સભાસદ અને આજીવન સામાન્ય સભાસદ રદ કરવામાં આવેલ છે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી. પરંતુ હાલમાં મંડળના દફતરે અત્યાર સુધી નોંધાયેલા પેટ્રન સભાસદો તથા આજીવન સામાન્ય સભાસદો યથાવત રહેશે.

આ ઉપરાંત આજીવન સભાસદ થનારે હવેથી રૂા.૧૫૦૦/- તથા સામાન્ય સભાસદ થનારે ત્રિવાર્ષિક લવાજમ રૂા.૧૫૦/- ભરવાના રહેશે.

સામાન્ય સમિતિએ સર્વાનુમતે નકકી કર્યા મુજબ રૂા.૬૦/- ત્રિવાર્ષિક લવાજમ આપી સામાન્ય સભાસદ થનારના અરજી પત્રકો તા.૩૧-૩-૨૦૦૯ સુધી, તેમજ રૂા.૫૦૧/- ની રકમ આપી આજીવન સભાસદ થનારના અરજીપત્રકો તા.૧૦-૪-૨૦૦૯ સુધી સ્વીકારવામાં આવશે.

જો આપશ્રી પાટણ જૈન સમાજના કાયમી અને અસરકારક વિકાસમાં રસ ધરાવો છો, અને ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવો છો, તો સમાજના દરેક યુવક-યુવતીએ આ સંસ્થાના સભાસદ હોવું જરૂરી છે. જો આપ મંડળના સભાસદ ન હો તો વહેલી તકે સભાસદ થવા ખાસ વિનંતી છે. ❒ **શ્રી પાટણ જૈન મંડળ**

# શ્રી પાટણ પાંજરાપોળ

સંચાલિત

# શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ ખલીપુર પશુ આશ્રય સંકુલ

## "પાડાનો પોકાર"

ગૌચર સમૃધ્ધ હતા ત્યાં સુધી ખેતી બળદ દ્વારા થતી હતી. જન્મેલા નર પશુને પણ તેની માનું દુધ આંચળ દ્વારા પુરું મળી રહેતું. પશુપાલક તથા ખેડુંતને પણ ગૌચર સમૃધ્ધ હોવાથી કયારેય પશુ માટે પોતાના ખેતરમાં ઉગતા કપાસિયા, રજકો વિ. ખોરાક તરીકે વપરાતા ખોરાકનો વધારાનો ખર્ચ થતો નહિ, તેથી જન્મેલા બાળ પશુના ભાગનું દુધ માના આંચળ દ્વારા બાળ પશુએ મળી જતું અને આમ બાળ પશુનો યોગ્ય વિકાસ થતો.

સરકારી નિતિ અને એવા ઘણાં અન્ય કારણોસર ખેડુતો પાસે ધીરેધીરે ગૌચર જમીનો ઓછી થતી ગઈ અને આમ થતાં પશુનો જે નૈસર્ગિક આહાર તેઓને પોતાને ત્યાં જ મળી રહેતો. લગભગ નિ:શુલ્ક મળતો હતો, તે હવે ખરીદવો પડે છે અને ખડના મોંઘા ભાવનો ખેડુત હવે હિસાબ કરતો થઈ ગયો છે. આમ છતાંયે આ ખડતલ સમાજ તરત જ જન્મેલા નર પશુ-પાડાને બને ત્યાં સુધી પુરતી સગવડ પોતાની માનું દુધ - એટલે કે ભેંસનુ દુધ મળી રહે તે માટે ઝઝુમ્યા. પણ હવે તે પોષાય તેમ નથી. ગૌચરની જમીનનો નાશ, ખડના વધતાં જતાં ભાવ તથા કતલખાનાની વધતી જતી માંગ-માંસાહારનો વધતો ઉપયોગ, વધતી જતી માંસની નિકાસને કારણે જન્મેલા નરપશુ - પાડાને તેની જનેતાથી તરત જ અલગ કરીને તેની વ્યવસ્થા કરી નખાય છે અને ભેંસોને ઈન્જેકશનો આપીને પાડાને ધવડાવ્યા વગર દુધ દોહવાની સગવડ થઈ ગઈ છે.

પાંજરાપોળમાં આવતા પાડાની સ્થિતિ તો વધારે દુ:ખદ હોય છે. બે-ત્રણ દિવસ કે અઠવાડીયાની ઉંમરના પાડાને તેની જનેતાથી છુટા કરીને પાંજરાપોળમાં મુકવામાં આવે છે અને તેમાં ઘણાં તો બિમાર હોય છે.

આવા પાડાનો પોકાર આપણી પાંજરાપોળમાં જો તમે સાંભળશો તો તમારું હૃદય દ્રવી ઉઠશે. તે દિવસે તમને જીવનની બીજી કોઈ બાબતમાં રસ નહિ રહે. આપણી પાંજરાપોળમાં એવરેજ ૬૦૦ થી ૭૦૦ પાડા હંમેશા હોય છે. તેની સરખી રીતે મેડીકલ ટ્રીટમેન્ટ, પુરતો ખોરાક વિગેરે આપીને પાંજરાપોળ આપણે ત્યાં થતું પાડાનું મરણ ઘટાડવા ભગીરથ પ્રયત્ન કરે છે.

અમારી આપ સર્વે દાતાને અપીલ છે કે, આ પાડાઓનો પોકાર સાંભળી આપ ઉદાર હાથે પાંજરાપોળમાં પશુઓને મળતી સહાયમાં સદ્દભાગી થઈને પૂણ્ય ઉપાર્જન કરો. અહીં તમારા સગવડોથી ભરેલા સમાજમાં રહીને પણ જીવદયાનું પુણ્ય કમાવવાની આ એક સોનેરી તક છે.

અમો આશા રાખીને નમ્ર વિનંતી કરીએ છીએ કે, આપણાં સમાજના ગૌરવ રૂપ આ આપણી પાંજરાપોળને દરેક રીતે સહાયરૂપ થઈને આપશ્રી જૈન તરીકેનું કર્તવ્ય બનાવશો.

પાટણના દાનેશ્વરી અને દયાળુ જૈન સમાજને જીવદયાના આ અભિયાનને આપના સુકૃત દાનથી ઉભરાવીને સુપાત્ર દાન કર્યાનો એક વધારાનો લાભ મેળવો.

સંસ્થાને આપેલ દાનની રકમ ઈન્કમટેકસ કાયદાની કલમ ૮૦-જી અન્વયે કરમુકિતને પાત્ર છે.


## શ્રી પાટણ પાંજરાપોળ

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ૬૩૮

સંચાલિત



**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, ખલીપુર પશુ આશ્રયસ્થાન સંકુલ**



**જીવદયા વિના ધર્મ નહીં, ધર્મ વિના સુખ-શાંતિ આબાદી નહીં.**

| | | | |
|---|---|---|---|
| ૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) | રૂા.૧,૦૦,૦૦૦ | ૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા | રૂા.૧૧,૦૦૦ |
| ૨. કાયમી તિથિ નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) | રૂા.૫૧,૦૦૦ | ૭. કાયમી ઘાસની તિથિ | રૂા.૫,૦૦૦ |
| ૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) | રૂા.૩૧,૦૦૦ | ૮. વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૩,૦૦૦ |
| ૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) | રૂા.૨૧,૦૦૦ | ૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ | રૂા.૨,૦૦૦ |
| ૫. પશુઓને એક દિવસનો ઘાસચારો | રૂા.૧૫,૦૦૦ | | |



હાલમાં સંસ્થા પાસે લગભગ ૨૦૦૦ નાનામોટા પશુ રાખવામાં આવ્યા છે. તેના પાલન-પોષણ તથા સંસ્થાના ચાલુ વહીવટી ખર્ચમાં સતત તોટો રહેતો હોઈ, આપના કે આપના સ્નેહીજનોના ઘરના લગ્ન, સગાઈ, પૂજન, તપશ્ચર્યા, જન્મ કે મરણ પ્રસંગે યાદ કરીને નાની મોટી રકમોની ભેટ મોકલાવી સહાયભુત થવા વિનંતી. **જો હશે આપનું દાન............ તો બચશે પશુના જાન.**

સંપર્ક : **મુંબઈ : મે. કંચનલાલ વાડીલાલ એન્ડ કું.** પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨. ફોન : **૨૨૦૧૪૯૩૫** ✿ **મે.સી.વાડીલાલ એન્ડ કું.** ૪૦, નાગદેવી ક્રોસ લેન, મુંબઈ-૩ ફોન : **૨૩૪૨૯૦૧૨ / ૨૩૪૨૯૦૧૩** ✿ પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ.ગુ.) ફોન : **૨૨૦૨૦૩**

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેકસમાં બાદ મળે છે.**

# પુસ્તક સાથે પરીક્ષા આપવી કે નહિ

❒ કુ. કેતા દિલેશકુમાર શાહ

સૌ પ્રથમ તો આપણે જાણીએ કે આ 'પરીક્ષા' છે શું ? આ ત્રણ અક્ષરનો શબ્દ પરીક્ષા જે માનવના જીવનમાં ખળભળાટ મચાવી દે છે. જેને સાંભળતાં જે વિદ્યાર્થીના મનમાં એક પ્રકારનો ભય ઉત્પન્ન થાય છે. તો આ 'પરીક્ષા' એ માનવીની એક પ્રકારની કસોટી છે. જે માનવીની સુઈ ગયેલી લાગણીઓ અને સુઈ ગયેલા વિચારોને નવો વેગ આપે છે. જેના કારણે માનવી તેની મંઝીલ સુધી પહોંચી શકાય છે.

હવે આપણને થાય કે 'પુસ્તક સાથે પરીક્ષા આપવી કે નહિ ?' તો આપણે જાણીએ છીએ તેમ પુસ્તક શબ્દનો સાથ નાના બાળકથી માંડી મોટી ઉંમરના માનવી સુધી રહેલો છે. પુસ્તકને ગમે તેટલું વાંચો છતાં તે ઓછું છે. કોઈપણ પુસ્તક હોય તેમાંથી કંઈકને કંઈક નવું પ્રાપ્ત કરવા જેવું હોય છે પણ પાસ તો પરીક્ષા દ્વારા જ થવાય છે અને તેના દ્વારા જ તે બધી ડીગ્રી મેળવી શકે છે અને તેની મંઝીલ મેળવી શકે છે.

પહેલાનો માનવી અનપઢ હતો. પરંતુ જેમ જેમ તે પુસ્તક વાંચતો ગયો, તેમ તેમ તેની રહેણી-કરણીમાં ભાષામાં ફેરફાર કરવા લાગ્યો. ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ વગેરે દ્વારા તે આગળ વધતો ગયો અને આજે આપણે જોઈ શકીએ છીએ કે "વાનર-જીવનમાંથી અવકાશ અને સ્પેસ શટલ દ્વારા" છેક ચંદ્ર સુધી પહોંચી આકાશને પણ આંબી ચુકયો છે અને જે ફકત પુસ્તક જ્ઞાન દ્વારા જ છે. માટે કહેવાય છે કે, "Books are mean's Best friend." અર્થાત્ 'પુસ્તકો આપણા સાચા મિત્રો.' જો પુસ્તક જ્ઞાન જ ન હોત તો માનવીનું જીવન પણ પથ્થર જેવું જ હોત. કહેવત છે કે, મા વિના અધૂરો બાળક તેમજ પુસ્તક વિના અધુરો માનવી.

હવે પ્રશ્ન એ છે કે, "પુસ્તક સાથે પરીક્ષા આપવી કે નહિ ?" તો તેના કેટલાક ફાયદા પણ છે અને ગેરફાયદા પણ છે.

ફાયદા : સૌ પ્રથમ તો એ જ કે આધુનિક અભ્યાસક્રમ ખુબ જ લાંબો, અઘરો અને મોટો છે, તેમજ આજની શિક્ષણ પ્રવૃત્તિ પણ ઘણી જટિલ છે અને મોંઘી પણ છે. પરિણામે વિદ્યાર્થી જેમ જેમ તેને વાંચતો જાય છે, તેમ તેમ તેમાં ગુંચવાતો જાય છે અને તે બીજી બહારની ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ પણ લઈ શકતોનથી.

આજના વિદ્યાર્થીઓમાં પરીક્ષા આવતા જ એક પ્રકારનો ડર પેદા થાય છે કે, તેઓ પરીક્ષામાં પાસ થશે કે નાપાસ ? અને તેના કારણે તેઓ રાત-દિવસ ઉજાગરા કરીને ભણવા લાગે છે. પરિણામે તેમને કેટલાક શારીરિક અને માનસિક અસરો થાય છે.

આજે તમે જોઈ શકો છો, તેમ વિદ્યાર્થીઓ પરીક્ષા વખતે કાપલીઓ અને અન્ય સાહિત્ય વગેરેથી ચોરી કરતા હોય છે.

પરંતુ જો પુસ્તક સાથે પરીક્ષા આપવાની હોય તો આ ચોરી તેમજ બીજી સમસ્યાઓ દુર કરી શકાય છે. તેમજ વિદ્યાર્થીઓમાં અવલોકન શકિત, નિર્ણયશકિત વગેરેમાં વિકાસ થાય છે. આમ પુસ્તક સાથે પરીક્ષા એ કેટલાક અંશે ફાયદાકારક છે.

ગેરફાયદા : "પુસ્તક સાથે પરીક્ષા" આપવાથી માનવી સ્વતંત્ર, મનસ્વી જેવા થઈ જાય છે. પછી તેને પરીક્ષા જેવો ડર લાગતો જ નથી. તે અસામાજિક પ્રવૃત્તિ કરતો થઈ જાય છે. તે રખડતો અને ભટકતો થઈ જાય છે. તે આળસુ બની જાય છે. પરિણામે જે વિદ્યાર્થી ભણતાં હોય છે, તેમનો પણ પરીક્ષા આપવાનો રસ હોય છે, તે ઉડી જાય છે અને પરીક્ષા વખતે જે વિદ્યાર્થી ભણતાં નથી તેમનો તો અડધો સમય પ્રશ્નના જવાબ શોધવામાં જ જતો રહે છે. પરિણામે ઘણો ઓછો સમય પેપર પુરું કરવા માટે બચે છે અને તેટલા સમયમાં પેપર પુરું ન કરી શકતા ધાર્યા એવા સારા ગુણ પ્રાપ્ત કરી શકતા નથી અને ફેઈલ થાય છે. "પુસ્તક સાથે પરીક્ષા" એ જીવન અધુરા જ્ઞાન બરાબર છે. તેનાથી માનવી ન ઘરનો કે ઘાટનો એમ કુતરા જેવું જીવન જીવવા લાગે છે. તે એક મીઠી છુરી જેવું કામ કરે છે. રાત્રે સુઈ જઈએ તો મીઠી મધુર વાત અને સવારે ઉઠીએ તો ઉઘાડી કિતાબ.

આપણાં મહાન વિદ્વાનો અને મહાપુરૂષો જેમણે ભારતને આઝાદી અપાવી, આપણને આપણાં પગ પર ઉભા રહેતા શીખવ્યુ તેમજ સંઘર્ષમય જીવન જીવવાનું કહ્યું શું, તેઓ બધાએ "પુસ્તક સાથે પરીક્ષા"આપી હશે ? તો એનો જવાબ છે ના. છતાં પણ તેઓએ ઘણી મહાસિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. તો આપણે કેમ નહિ ?

જેમ કે, સ્વામી વિવેકાનંદ જેઓ એકવાર કોઈપણ પુસ્તક વાંચે અને પછી તેમણે તે પુસ્તક મોઢે થઈ જતુ આપણે પણ તેવું કરી શકીએ છીએ.

પણ કયારે ? જયારે આપણામાં તેને પામવા પાછળ ધગશ હોય ત્યારે આપણે કોઈપણ વસ્તુ જીવનમાં પ્રાપ્ત કરવી હોય, કંઈક પામવું હોય તો પહેલાં તેને ગ્રહણ કરવું જરૂરી છે. જો પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત કરવા હોય અને સારા નંબરે ઉત્તીર્ણ થવું હોય તો પહેલાં આપણે પુસ્તકને ગ્રહણ કરવું જરૂરી છે, તેને સમજવું જરૂરી છે.

પુસ્તક વિના પરીક્ષા આપવાની હોય ત્યારે બાળક પરીક્ષાના ડરથી ખેંચાઈને પુસ્તક તરફ આકર્ષાય છે. તે પુસ્તક વાંચતો થાય છે. પરિણામે તેની જિજ્ઞાસાવૃત્તિમાં વધારો થાય છે. તેમજ તેના આત્મવિશ્વાસમાં વધારો થતાં તે પેપર સારી રીતે લખી શકે છે.

પુસ્તક વિના પરીક્ષા આપવાથી વિદ્યાર્થીઓમાં રહેલ આવડત, કલા-કૌશલ્ય, બુધ્ધિ-ચાતુર્ય વગેરેની આપણને જાણ થાય છે. આમ પુસ્તક વિના પરીક્ષા આપવામાં આવે તો તે બાળકને વધારે ફાયદાકારક નીવડે છે. તેમજ તે વિદ્યાર્થીઓના હિતમાં છે.


## લગ્ન સંબંધી

**પાટણ નિવાસી, હાલ મુંબઈસ્થિત નવેમ્બર-૧૯૮૪ બોર્ન, ૫'X૩" ઉંચાઈ ધરાવતી, હાથમાં ખોડવાળી, બી.કોમ. તથા ફેશન ડીઝાઈનર, સંસ્કારી યુવતી માટે યોગ્ય યુવકના વડીલો સંપર્ક કરે.**

**રેફરન્સ નં. ૧૨**

**શ્રી પાટણ જૈન મંડળ, ૭૭, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦**

# વસંતના વધામણા

❒ **શ્રી કોકીલાબેન બી. શાહ**

વસંત ! કેટલો આલ્હાદક શબ્દ ! કુદરતે બનાવેલી બધી જ ઋતુઓમાં વસંતને ઋતુઓનો રાજા કહેવાય છે.

વસંત એટલે ઉત્સવ. વસંત એટલે રંગોનો તહેવાર. વસંત એટલે મિલનની ઋતુ. વસંત એટલે બસ આનંદ જ આનંદ. પાનખરમાં ઉદાસ બની ગયેલી કુદરત વસંત આવતાં જ ખીલી ઉઠે છે. નવા પાંદડા ધારણ કરીને વૃક્ષો પણ તાનમાં આવી જઈ વસંતનું સ્વાગત કરે છે.

વસંત આવતાં જ પ્રકૃતિમાં પ્રાણ પુરાય છે. બાગ-બગીચા-વન-ઉપવન રંગબેરંગી ફુલોથી મહેંકી ઉઠે છે. કેસુડાના ફુલ તો ફકત વસંત ઋતુમાં જ ખીલી છે. આંબાનું ઝાડ વસંત ઋતુમાં જ મહોરે છે. આમ્રકુંજમાં છુપાએલી પેલી કોયલડી પણ કુહુ કુહુના મીઠા મીઠા ટહુકાથી વસંતને વધાવે છે. વિવાહ જેવા શુભ કાર્યો વસંતઋતુમાં થાય છે.

આખા વર્ષમાં ઠંડી-ગરમી અને વરસાદથી ત્રાસી ગયેલા લોકો વસંત ઋતુ આવતાં જ પ્રફુલ્લ બની જાય છે. પ્રમી પંખીડાઓ મીઠી ઝણઝણાટી અનુભવે છે. નવી પરણેલી દુલ્હનના વદન પર વસંતની લાલીમા છવાઈ જાય છે.

પ્રાચીન કાળમાં રાજા-મહારાજાઓ રાજયના કામથી કંટાળી આનંદ પ્રમોદ માટે પોતાની માનીતી રાણીઓ સાથે વસંતઋતુમાં વન-વિહાર કરતા અને ખુબ આનંદ કરતા.

અનિષ્ટને બાળી વેર-ઝેર ભુલી, પ્રેમ અને મૈત્રીનું વાતાવરણ સર્જાય તેવો હોળીનો તહેવાર એટલે કે રંગોનો તહેવાર પણ વસંતઋતુમાં જ આવે છે. લોકો મન મુકીને એકબીજા પર રંગ ઉડાડી આનંદ અને મજા કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ વસંત ઋતુમાં ગોપીઓ સાથે હોળી ખેલતા. પીચકારીમાં રંગ ભરી ગોપીઓને રંગોથી ભીંજવી દેતા. ઉપર ઉપરથી ગુસ્સો કરતી ગોપીઓને શ્રીકૃષ્ણની આ મીઠી છેડછાડ ગમતી.

આવ્યો વસંત રૂડો આવ્યો વસંત
રંગ બે રંગી ફૂલડે ફોરાયો વસંત
આંબાની ડાળે બેઠી કોયલડી
કુહુ કુહુ ટહુકા કરી નાચે થનગન

ચાલો, આપણે પણ વસંતના આગમનને વધાવીએ.
પ્રેમ મૈત્રી-સમર્પણ અને ઉલ્લાસના રંગે રંગાઈ જઈએ.

## -: દુ:ખદ નિધન :-

શ્રી પાટણ જૈન મંડળના આગેવાન દાતા અને વ્યવસ્થાપક સમિતિના સભ્ય, **શ્રી ગુણવંતલાલ મણીલાલ શાહ**(ભાભાનો પાડો)નું સોમવાર, તા.૨-૩-૨૦૦૯ ના દિને ૮૧ વર્ષની વયે થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુ:ખ અને આઘાતની લાગણી અનુભવી છે.

ફાર્માસ્યુટીકલના ધંધાકીય ક્ષેત્રે વ્યસ્ત રહીને સંસ્થાઓમાં તન-મન અને ધનથી યોગદાન આપેલ છે, સદ્દગતશ્રી ગુણવંતભાઈ ભાભાના પાડાના આગેવાન દાતા, સ્પષ્ટ વકતા અને સરળ સ્વભાવી હતા. સદ્દગતશ્રીએ સેવા ધર્મ થકી જીવન ધન્ય બનાવ્યું હતું.

સમાજના સૌ પરિવારો એક જ સ્થળે, એક સમયે હળીમળીને નૂતન વર્ષની શુભેચ્છાઓની પરસ્પર આપ-લે કરે તેવા શુભ આશયથી, શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ)ના નામે, પિતાશ્રીની સ્મૃતિમાં શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ભાઈબીજના શુભદિને નૂતન વર્ષ સ્નેહ સંમેલન દર વર્ષે યોજવા માટે પરિવારના આર્થિક સહયોગથી સંસ્થાની ઉકત યોજના સાકાર થઈ હતી.

સદ્દગતશ્રી ગુણવંતભાઈનું અવસાન થતાં, તેમના વિશાળ પરિવારજનોના દુ:ખમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો દુ:ખની લાગણી અનુભવે છે અને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતશ્રીના આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના. ❒ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુ:ખમાં સંવેદનાની લાગણી વ્યકત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના આત્માને ચિર:શાંતિ અર્પો એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | ગુણવંતલાલ મણીલાલ શાહ | ૮૧ | મુંબઈ | ૨-૩-૨૦૦૯ | ફાગણ સુદ ૬ |
| વિશા શ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | સુભદ્રાબેન ચીમનલાલ શાહ | ૯૪ | મુંબઈ | ૨-૩-૨૦૦૯ | ફાગણ સુદ ૬ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | પ્રવીણચંદ્ર પુનમચંદ શાહ | ૭૦ | પાટણ | ૬-૩-૨૦૦૯ | ફાગણ સુદ ૧૦ |
| વિશા શ્રીમાળી | ચોધરીની શેરી | હસમુખલાલ મોતીલાલ શાહ(ભરૂચવાલા) | ૭૯ | મુંબઈ | ૧૦-૩-૨૦૦૯ | ફાગણ સુદ ૧૪ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | તરૂલતાબેન શશીકાંત શાહ(ડીસાવાળા) | ૭૨ | મુંબઈ | ૧૨-૩-૨૦૦૯ | ફાગણ વદ ૨ |
| વિશા પોરવાલ | ઝવેરીવાડો | શાંતાબેન જીવણલાલ ઝવેરી | ૮૭ | મુંબઈ | ૧૩-૩-૨૦૦૯ | ફાગણ વદ ૩ |
| સાલવી | સાલવીવાડો | મંગળદાસ માધવલાલ સાલવી | ૯૦ | મુંબઈ | ૧૪-૩-૨૦૦૯ | ફાગણ વદ ૪ |

## સાભાર સ્વીકાર

**મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વૈચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.**

### સમાજ વિકાસ ફંડ :
૨,૦૦,૦૦૦/- બાબુ સાહેબ નાનકચંદજી પુનમચંદજી ટ્રસ્ટ
૧,૦૦,૦૦૦/- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ(ખજુરીનોપાડો)

### શ્રી ઝભલાવાળા મેમોરીયલ કેન્સર રીલીફ ફંડ :
૫૧,૦૦૦/- શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ (કોકાનોપાડો)
સ્વ.શ્રી પ્રફુલભાઈ જયંતીલાલ શાહના સ્મરણાર્થે

### શ્રી વાડીલાલ ચુનીલાલ શાહ ઉચ્ચ શિક્ષણ પુસ્તક સહાય નિધિ:
૨૫,૦૦૦/- શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરીટી ટ્રસ્ટ
(મનમોહનજીની શેરી)

### મેડીકલ સહાય કોરપસ ફંડ :
૫૧,૦૦૦/- શ્રીમતી રાગીણીબેન કુમારપાળ શાહ
શ્રી ભાવેશભાઈ કુમારપાળ શાહ(ચોધરીનીશેરી)
સ્વ.શ્રી કુમારપાળ ચંદુલાલ શાહના સ્મરણાર્થે

### શિક્ષણ સહાય - આર્થિક સહાય ભેટ :
૫,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ
(ખજુરીનોપાડો)

### દવા સહાય ભેટ :
૧૦,૦૦૧/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતીલાલ શાહ (ભાભાનોપાડો)
૧,૦૦૦/- શ્રી પ્રવીણભાઈ વ્રજલાલ શાહ (કનાસાનોપાડો)
તા.૨૭-૨-૦૯ ના ગ્રહપ્રવેશ નિમિત્તે

### દવા - વિકલાંગ ઉત્કર્ષ - વૃધ્ધજન - શિક્ષણ સહાય ભેટ :
૧૧,૦૦૦/- શ્રી પ્રવીણભાઈ મણીલાલ શાહ પરિવાર
હસ્તે : શ્રી હેમલતાબેન પી. શાહ(વખારનો પાડો)

### વિદ્યાલય ડેવલપમેન્ટ ભેટ :
૧૧,૦૦૦/- શ્રી દિલીપભાઈ સુરજમલ શાહ (ઝવેરીવાડો)

### વિદ્યાલય નિભાવ ફંડ :
૧૦,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ
મારફતીયા મહેતાનો પાડો

### વૃધ્ધજન - આર્થિક - દવા સહાય ભેટ :
૧૦,૦૦૦/- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ (મલ્લાતનોપાડો)
લગ્નની સુવર્ણ જયંતિ નિમિત્તે

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ :
૫,૦૦૪/- શ્રી રમેશચંદ્ર એચ. ઝવેરી (ખેજડાનો પાડો)
તા.૨-૩-૨૦૦૯ ના મહાવીરધામના યાત્રા-પ્રવાસે ગયા તેની ખુશાલીમાં
૨,૧૦૦/- શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ શાહ (ખેતરવસી)
ટાયસન ડોગના સમાધિ મરણ નિમિત્તે

### શિક્ષણ સહાય ભેટ :
૨,૫૦૧/- શ્રીમતી રમીલાબેન સતીશચંદ્ર સાંડેસરા
(ચાચરીયા)

### શિક્ષણ સહાય - વિકલાંગ ઉત્કર્ષ ભેટ :
૧,૦૦૦/- ડંક મહેતાના પાડાનું યુવક મંડળ
- મંડળની સ્થાપના નિમિત્તે

### હેલ્થ કેર સાધન ભેટ :
૩,૦૦૦/- શ્રી અંબાશંકર નાનજીભાઈ જોશી
૨,૫૦૦/- શ્રી સંજયભાઈ ઈશ્વરલાલ પરીખ
૨,૫૦૦/- શ્રીમતી કુમુદબેન એસ. બોરકર
૨,૦૦૦/- શ્રી શ્રુતિબેન શાંતીલાલ ડોકટર
૧,૦૦૦/- શ્રી અશોકભાઈ કાપડીયા
૧,૦૦૦/- શ્રી દિનેશભાઈ દયાલ
૧,૦૦૦/- મે. પંકજ કોર્પોરેશન


II SHREE VASUPUJYA SWAMI II ESTD: 1998
**ALPA MARRIAGE BUREAU**
( Mumbai )- 11th year
PATAN PARIVAR & OTHERS JAIN COMMUNITY
**FOR GOOD CHOICE & PERFECT MATCHING**
**CONTACT : MRS. ALPA SHAH**
HELLO : **95250-2500135 / 9823218746**
TIME : 9.00 TO 12.00 a.m. 7.30 TO 10.30 p.m.

લગ્ન પ્રસંગે તેમજ નાના મોટા શુભ પ્રસંગોએ ઉત્તમ સર્વિસ સાથે સંતોષજનક તથા વ્યાજબી ભાવે જમણવાર - કેટરીંગ કરી આપીશું.
**સાગર કેટરર્સ**
**(જૈન આહારના સ્પેશ્યાલીસ્ટ)**
ચન્દ્રમણિ, ૭૮૮, હનુમાન રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭
: 98200 75788(ગણપતભાઈ) : 93222 63603 (પ્રકાશભાઈ)
ઓફિસ : 26117310 / 55731395 + ઘર : 30970445

**Mehandi** Mob.: 98206 85233
Resi. : 2872 6830

Jinal Milan Shah (Teliawala)
Manmohanji ni Sheri, Patan
Sp. in Bridal, Arabic Mehandi
& all types of Mehandi
127 / 6, Geeta Bhavan Co-op.Hsg. Soc. Ltd.
Jawahar Nagar, Road No.8,
Goregaon (W), Mumbai-400062

**કે. એસ. પ્રેયર હોલ**
**(ફુલ્લી એરકન્ડીશન્ડ / નોન એરકન્ડીશન્ડ)**
માઈક સીસ્ટમ તથા સ્પીકર વીડીયો સ્કીન, ટેબલ લાઈટ સાથે ઉપલબ્ધ છે
પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦.
**શ્રી ભાવીક શાહ**
ફોન : ૨૨૮૧ ૦૦૧૬ / ૯૮૧૯૮ ૨૪૭૯૫
સમય : ૧૧ થી ૬ દરમ્યાન

સુસંસ્કૃત સમાજના સશિષ્ઠ સાનિધ્ય થકી,
શિક્ષણ, સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય.

શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

## મુખ્યદાતા

શ્રી બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, ખજુરીનો પાડો
શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ચૌધરીની શેરી
શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ, ચૌધરીની શેરી
શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, કંક મહેતાનો પાડો
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, સીતારાની ખડકી
શ્રી શાંતિલાલ રિખવચંદ શાહ, કોકાનો પાડો
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ માટલીવાળા, હ. ધનેશભાઈ, કનાસાનો પાડો
શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
શ્રી નવીનચંદ ખુબચંદ શાહ, ઢંઢેરવાડો

## આધારસ્તંભદાતા

શ્રી બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજુરીનો પાડો
શ્રી બાબુ અમીચંદજી પનાલાલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ખેતરવસી
શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ ગુંદરવાળા, વાસુપૂજ્યની શેરી
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલાતનો પાડો
શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ, સ્વ. ગીતાબેનના સ્મરણાર્થે, ચોપાટી
શ્રી સુધીરભાઈ નવીનચંદ શાહ, મારફતીયા મહેતાનો પાડો
શ્રી સુકેતુ અરવિંદભાઈ ગીરધરલાલ, ચૌધરીની શેરી
શ્રી બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજુરીનો પાડો
શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, કંક મહેતાનો પાડો
શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી, કંક મહેતાનો પાડો
શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા, ખેતરવસી
શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચૌધરીની શેરી

## સહાયકદાતા

શ્રી જે.કે. શાહ, ભાભાનો પાડો
ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ, અબજી મહેતાનો પાડો

## શુભેચ્છકદાતા

શ્રી જયકુમાર કાંતીલાલ શાહ, મણિયાતીપાડો

| | વાર્ષિક રકમ |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા.૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |

# શ્રી પાટણ જૈન મંડળ
# સમાજ વિકાસ ફંડ

સમાજ પ્રત્યેની ઉત્કૃષ્ઠ ભાવના એ જ આનંદની અભિવ્યકિત છે. ઈચ્છાશકિતની સ્વયંભૂ સરિતા વહેવા લાગી છે. વિવિધલક્ષી પ્રવૃત્તિઓનો વેગ, વિકાસને વૃષ્ટિની સમૃધ્ધિ થકી સંસ્થાના સંસ્થાપકો, શિલ્પકારો અને હોદ્દેદારો તથા નિ:સ્વાર્થ સેવાભાવી કાર્યકરોની સેવાભાવનાની સુરભિ એક અનન્ય અનુભૂતિ કરાવી રહી છે. આત્મ નિરીક્ષણ થકી લોકોપયોગી વિવિધલક્ષી કાર્યો પ્રત્યે આપણે બેદરકાર રહી ન શકીએ. પ્રકાશ અને અંધકારના સંધિકાળમાંથી આપને બહાર નીકળવાનું મહાભિનિષ્ક્રમણ આદરવું એજ સમાજ વિકાસનું મુખ્ય ધ્યેય છે.

વાદવિવાદ કે બૌધ્ધિક કસરત કરતાં પહેલાં આજની વિષમ પરિસ્થિતિમાં માનવીનું જીવન ટકાવી રાખવું વધુ મહત્વનું છે. જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા વલખા મારતા માનવીઓને અસ્મિતા જાળવવાનો ઉપદેશ કઈ રીતે આપી શકાય ? જીવનાભિમુખતાને વીસરીને આપણે અન્ય વાતોમાં અટવાઈ જઈએ છીએ. આપણો સમાજ પામર કે પંગુ અને મજબુર કે મોહતાજ ન રહે તે ઈચ્છનીય નથી ? તેમના અસ્તિત્વના રક્ષણની સુબુધ્ધ વ્યવસ્થા કર્યા પછી જ અસ્મિતા જગાડવાના પ્રયત્ન કરી શકાય. આયખુ ઘસાય તે પહેલાં અનેરી સમર્પણ ભાવનાથી પરમાર્થ કરી લેવો જોઈએ.

ગુજરાતી ભાષી તરવૈયો ઉંડા પાણીમાંથી મોતી લઈ આવે એવો કૃતનિશ્ચયી છે. વિવેકબુધ્ધિ જાગૃત કરી અનિશ્ચિતતા અને અસ્થિરતાને તિલાંજલિ આપવી આવશ્યક છે. મોંઘવારીના ભોરીંગને પડકાર આપી પરાસ્ત કરવો જ જોઈએ. જિંદગીમાં કેટલી ક્ષણ છે તે મહત્વનું નથી પરંતુ હસતાં, રમતાં, મદદ કરતાં જીવાતી ક્ષણોમાં કેટલી જિંદગી છે તેનું મહત્વ વિશેષ નથી લાગતું ?

સમાજ વિકાસ ફંડમાં આપનું યોગદાન યથોચિત, ચિરસ્મરણીય અને અનુકરણીય રહેશે.

## NRI - પટણીનું email ID

દેશ-વિદેશમાં રહેતા પાટણ સમાજના મિત્રો અને પરિવારો એકમેકના સતત સંપર્કમાં રહી માતૃસંસ્થાની પ્રત્યેક ગતિવિધિથી વાકેફ રહે તેવા હેતુસર, શ્રી પાટણ જૈન મંડળ દ્વારા તેઓના **email ID** ની ડેટા બેન્ક બનાવવાનું વિચારેલ છે. આથી આપ સૌને વિનંતી કે, આપશ્રીની જાણમાં હોય તેવા દરિયાપાર વસતા પાટણના મિત્રો / પરિવારોના **email ID** અમોને તાત્કાલિક પહોંચતા કરવામાં આવે તો સંસ્થાકીય માહિતી અને પ્રતિબિંબ **email** દ્વારા સમયસર તેઓને પહોંચાડવામાં સુગમતા પડે. સંસ્થાના **email ID - patanmandal@vsnl.net** ઉપરાંત **email ID - dinesh@mihircooling.com** ના સરનામે પણ મોકલી શકાશે. ❐ શ્રી પાટણ જૈન મંડળ

*Publisher & Printer :* **ARVIND JIVABHAI SHAH** for **SHREE PATAN JAIN MANDAL,** *Printed at :* **ASHOK PRINTING PRESS,** 'Sant - Sakha' 5, Nehru Road, Vile - Parle (East), Mumbai - 400057 & *Published at :* Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai-400 020. Editor : **SHRI ARVINDBHAI JIVABHAI SHAH** **RNI Regd. No. MAHGUJ / 2006 / 18379**